સોમવાર, 23 ફેબ્રુઆરી, 2026 ફાગણ સુદ છઠ્ઠ
“વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર”
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ✻ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ✻ RNI NO : GJGUJ/25/A1447 ✻ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ✻ Follow : @dailypulsenews24 ✻ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ✻ કિંમત : મફત

## સ્માર્ટ સિટી વડોદરા હવે ખાડોદરા બન્યું, અધિકારીઓની લાપરવાહીથી લોકો ધૂળ ખાવા મજબૂર

વડોદરામાં વહીવટી તંત્રની ઘોર લાપરવાહી અને દિશાહીન આયોજનનો ભોગ આજે શહેરનો પ્રત્યેક નાગરિક બની રહ્યો છે. મહાનગરપાલિકાના ઈજનેરો અને સત્તાધીશોના અણઘડ વહીવટને કારણે આજે વડોદરાના રસ્તાઓ રસ્તા ન રહેતા મોતના કૂવા સમાન બની ગયા છે. પાણી અને ગટરની લાઈનો નાખવા માટે શહેરનો એકપણ એવો વિસ્તાર બાકી નથી જ્યાં ખોદકામ ન થયું હોય. પરંતુ અફસોસ એ વાતનો છે કે, ખોદકામ જેટલી ઝડપથી થાય છે તેનાથી સો ગણી ધીમી ગતિએ કામની પૂર્ણાહુતિ થાય છે. તંત્રની આ કચબા ગતિ જનતા માટે આફત બની છે.

હાલમાં ૧૦મા અને ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓ માટે કારકિર્દીનો સૌથી મહત્વનો સમય છે. બોર્ડની પરીક્ષાઓ નજીક હોવા છતાં, તંત્રને કોઈ જ પડી નથી. વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ટ્રાફિકમાં કલાકો સુધી અટવાઈ રહ્યા છે. ધૂળની ડમરીઓ અને અસહ્ય ટ્રાફિકના કારણે વિદ્યાર્થીઓની એકાગ્રતા ભંગ થઈ રહી છે. શું તંત્રને આ ભવિષ્યના નાગરિકોની કોઈ ચિંતા નથી?

લગ્નગાળાની સિઝન ચાલતી હોવાથી શહેરના માર્ગો પર વાહનોની અવરજવર વધી છે. જે રસ્તાઓ પરથી વરઘોડા નીકળવાના હોય કે મહેમાનોએ જવાનું હોય, ત્યાં મોટા-મોટા ખાડા અને માટીના ઢગલાઓ જોવા મળે છે. વડોદરાના મહેમાનો આ સ્માર્ટ સિટીની હાલત જોઈને તંત્રની મજાક ઉડાવી રહ્યા છે. લગ્ન જેવા પ્રસંગોમાં પણ લોકોએ ધૂળ અને કાદવમાંથી પસાર થવું પડે છે, જે સંસ્કારી નગરી માટે શરમજનક બાબત છે.

તંત્રના જવાબદાર અધિકારીઓ જાણે કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોય તેમ જનતાની બૂમો તેમના કાન સુધી પહોંચતી નથી. ક્રેન અને જેસીબી મશીનો મૂકીને રસ્તાઓ રોકી દેવામાં આવ્યા છે, પણ મજૂરો અને એન્જિનિયરો સાઈટ પર ક્યાંય દેખાતા નથી. આ કયા પ્રકારની કાર્યશૈલી છે? આ પ્લાનિંગ વગરની કામગીરી પાછળ કોણ જવાબદાર છે? કોન્ટ્રાક્ટરોને કયા આધારે છૂટો દોર આપવામાં આવ્યો છે?

જો આ પરિસ્થિતિમાં વહેલી તકે સુધારો કરવામાં નહીં આવે, તો જનતાનો આક્રોશ ગમે ત્યારે સડક પર ઉતરી શકે છે. વડોદરાવાસીઓ હવે આજીજી નથી કરી રહ્યા, પણ સવાલ પૂછી રહ્યા છે કે ક્યારે આ અમાનવીય સ્થિતિમાંથી મુક્તિ મળશે? તંત્રની આ આંખ આડા કાન કરવાની નીતિ હવે હદ વટાવી રહી છે.



**વડોદરા મહાનગરપાલિકાની પ્લાનિંગ વગરની કાર્યશૈલી જનતા માટે જીવલેણ બની છે. ડ્રેનેજ અને પાણીની લાઈનો માટે આડેધડ ખોદાયેલા રસ્તાઓ અને કચબા ગતિએ ચાલતા કામોને લીધે વિદ્યાર્થીઓ, લગ્નના મહેમાનો અને વાહનચાલકો નર્ક જેવી યાતના ભોગવવા મજબૂર બન્યા છે.**

## અમદાવાદ: પેસેન્જરના શરીરમાંથી સોનાની કેપ્સ્યુલ મળી

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર દાણચોરીની એક અજીબોગરીબ ઘટના સામે આવી છે. અબુ ધાબીથી એર અરેબિયાની ફ્લાઈટ દ્વારા આવેલા શાહરૂખ નામના મુસાફરને કસ્ટમ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટ (AIU) એ શંકાના આધારે અટકાવ્યો હતો. પૂછપરછ દરમિયાન પેસેન્જરે કબૂલ્યું હતું કે તેણે સોનાની કેપ્સ્યુલ ગળીને પોતાના શરીરમાં છુપાવી છે. મેજિસ્ટ્રેટના આદેશ બાદ મુસાફરને અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. ત્યાં બે દિવસની મેડિકલ દેખરેખ બાદ તેના શરીરમાંથી પીળા રંગની 3 નળાકાર સોનાની કેપ્સ્યુલ અને એક સ્ટીલનો બોલ મળી આવ્યો હતો. લેબોરેટરી તપાસમાં જાણવા મળ્યું કે આ 3 કેપ્સ્યુલમાં 135.200 ગ્રામ શુદ્ધ સોનું હતું, જેની બજાર કિંમત આશરે રૂ. 21.89 લાખ થાય છે. કસ્ટમ વિભાગે આ સોનું જપ્ત કરીને મુસાફર સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. અગાઉ પણ યુગાન્ડાની મહિલા પાસેથી આ જ રીતે હેરોઈન પકડાયું હતું, જેના પગલે એરપોર્ટ પર તપાસ તેજ કરવામાં આવી છે.




## દાહોદ અને સુરતમાં પોલીસ કસ્ટડીમાં યુવકો પર અત્યાચારના આક્ષેપ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજ્યમાં પોલીસની રક્ષક બનેલી છબી પર સવાલ ઉઠાવતા બે કિસ્સાઓ દાહોદ અને સુરતમાંથી સામે આવ્યા છે. દાહોદના ગરબાડા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ પર એક આદિવાસી યુવકને કસ્ટડીમાં અત્યંત ક્રૂરતાપૂર્વક માર માર્યાનો આક્ષેપ છે. વિપુલ મંડોડ નામના યુવકને ૨૦ ફેબ્રુઆરીના રોજ તેના ઘરેથી ઉઠાવ્યા બાદ અંધારાવાળા રૂમમાં લઈ જઈ, પગના તળિયે ક્રિકેટના બેટથી ૪૦ જેટલા ફટકા મારવામાં આવ્યા હતા. પીડિતની પત્નીએ દાહોદ એસપીને લેખિત ફરિયાદ કરી ન્યાયની માંગ કરી છે. સુરતના પાંડેસરામાં પણ પોલીસની દાદાગીરી સામે આવી છે. રવિવારે ઘરેલુ હિંસાના કોલ બાદ શ્યામ આહિરે નામના યુવકને પોલીસ મથકે લઈ જવામાં આવ્યો હતો. શ્યામનો આક્ષેપ છે કે મોડી રાત્રે લોકઅપમાં બે પોલીસકર્મીઓએ તેને ઢોર માર માર્યો હતો. ઈજાગ્રસ્ત હાલતમાં તેને સિવિલ હોસ્પિટલ ખસેડાયો છે, જ્યાં તેના પરિવારજનોએ ભારે હોબાળો મચાવ્યો હતો. આ બંને ઘટનાઓએ પોલીસની કાર્યપ્રણાલી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. સામાન્ય પૂછપરછ કે નાના ઝઘડામાં પણ કાયદો હાથમાં લઈને નાગરિકો પર અત્યાચાર ગુજારતા પોલીસકર્મીઓ સામે ખાતાકીય તપાસ અને કડક પગલાં લેવાની માંગ પ્રબળ બની છે. એસીપી સ્તરના અધિકારીઓએ આ મામલે તપાસ બાદ દોષિતોને સજા કરવાની ખાતરી આપી છે.



**દાહોદના ગરબાડા અને સુરતના પાંડેસરામાં પોલીસ દ્વારા કસ્ટડીમાં યુવકો પર અમાનુષી અત્યાચાર ગુજારવામાં આવ્યો હોવાની ઘટનાઓ સામે આવી છે. બંને કિસ્સામાં પીડિતોને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલ દાખલ કરાયા છે. જવાબદાર પોલીસકર્મીઓ સામે કડક કાર્યવાહીની માંગ ઉઠી છે.**

## સાઉથ આફ્રિકા સામે ભારતની ૭૬ રને વર્લ્ડ કપમાં આંચકાજનક હાર

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રવિવારે રમાયેલી સુપર-8 મેચમાં ટીમ ઈન્ડિયાનો સાઉથ આફ્રિકા સામે 76 રને પરાજય થયો છે. આ હાર ભારત માટે T20 વર્લ્ડ કપના ઇતિહાસની સૌથી મોટી હાર પૈકીની એક છે. આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરતા ડેવિડ મિલર (63) અને ડેવાલ્ડ બ્રેવિસ (45) વચ્ચેની 97 રનની ભાગીદારીને પ્રતાપે 187 રન બનાવ્યા હતા. હાર્દિક પંડ્યાએ અંતિમ ઓવરમાં 20 રન આપ્યા જે મોંઘા સાબિત થયા. જવાબમાં ભારતનો ટૉપ ઓર્ડર સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યો. ઈશાન કિશન, અભિષેક શર્મા અને તિલક વર્મા ડબલ ડિજિટના સ્કોર સુધી પણ પહોંચી શક્યા નહોતા. આખી ઇનિંગ્સ દરમિયાન એક પણ પચાસ રનની ભાગીદારી થઈ શકી નહીં, જેના કારણે ટીમ 111 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. કેશવ મહારાજે 15મી ઓવરમાં ત્રણ વિકેટ ઝડપી ભારતની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું. આ હાર સાથે ભારતનો રન રેટ -3.800 થઈ ગયો છે. હવે સેમિફાઈનલના સમીકરણો જટિલ બન્યા છે. ટીમ ઈન્ડિયાએ હવે તેની બાકીની બંને મેચો માત્ર જીતવી જ નહીં પણ મોટા અંતરથી જીતવી પડશે. ડેવિડ મિલરને તેની શાનદાર બેટિંગ બદલ 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો.

**અમદાવાદમાં રમાયેલી T20 વર્લ્ડ કપની સુપર-8 મેચમાં સાઉથ આફ્રિકાએ ભારતને 76 રને હરાવ્યું છે. 188 રનના લક્ષ્ય સામે ટીમ ઈન્ડિયા માત્ર 111 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ હાર સાથે ભારતની સતત 12 મેચોની જીતનો સિલસિલો અટકી ગયો છે.**




## વડોદરા: નશામાં ધૂત કાર ચાલકે લારી ઉડાવી, અરેસ્ટ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના ન્યૂ સમા રોડ પર નશામાં ધૂત એક કાર ચાલકે બેફામ ગતિએ ગાડી ચલાવી ગંભીર અકસ્માત સર્જ્યો છે. આરોપી તરુણ સોનીએ નશાની હાલતમાં I-20 કાર દોડાવી શાકભાજીની લારી લઈને જતા અનિલ સોનકરને અડફેટે લીધા હતા, જેમાં અનિલભાઈને ઈજા પહોંચતા સયાજી હોસ્પિટલમાં ખસેડાયા છે.

લારીને ટક્કર માર્યા બાદ આરોપી કાર ઉભી રાખવાને બદલે ભગાડી ગયો હતો. આગળ જતાં સમા વિસ્તારમાં કોર્પોરેશનની કામગીરી ચાલતી હોવાથી ત્યાં મુકાયેલા બેરીકેટ તોડીને કાર સીધી ખાડા પર ચડી ગઈ હતી. કાર ખાડામાં લટકતી હાલતમાં હોવાના દ્રશ્યો ફિલ્મી શૂટિંગ જેવા જણાતા હતા. આ સમગ્ર ઘટનાનો વીડિયો એક જાગૃત નાગરિકે મોબાઈલમાં કેદ કર્યો હતો. સ્થાનિકોએ આરોપીને પકડી પોલીસને સોંપ્યો હતો. પોલીસ કસ્ટડીમાં પહોંચતા જ નશો ઉતરી જતાં આરોપીએ ઉઠકબેઠક કરી માફી માંગી હતી. હાલ સમા પોલીસે બે ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




**વડોદરાના ન્યૂ સમા રોડ પર નશામાં ધૂત એક કાર ચાલકે શાકભાજીની લારીને અડફેટે લીધા બાદ કોર્પોરેશનના બેરીકેટ તોડી ખાડામાં કાર ઘૂસાડી દીધી હતી. પોલીસે આરોપી તરુણ સોની સામે બે અલગ-અલગ ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.**

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના, સમાચાર અથવા વ્યવસાયની જાહેરાત આપવા માટે આજે જ અમારો સંપર્ક કરો. ૯૯૦૯૯૧૧૧૭૫

# વડોદરામાં ખાડા અને ટ્રાફિકના લીધે દુલ્હને એક્ટિવા પર લિફ્ટ લીધી

## વડોદરા: ખાડા અને ટ્રાફિકના પાપે દુલ્હને એક્ટિવા પર જવું પડ્યું



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના કથળેલા રસ્તા અને ટ્રાફિક જામની સમસ્યા હવે એટલી હદે વકરી છે કે તે લોકોના અંગત અને ખુશીના પ્રસંગોમાં પણ વિઘ્ન નાખી રહી છે. વડોદરાના આજવા રોડ પર લાગેલી ટ્રાફિકની ભીષણ જંજીરોમાં એક દુલ્હન એવી ફસાઈ કે તેને લક્ઝરી કાર મૂકીને એક્ટિવા પર સવાર થવું પડ્યું. આ ઘટના સ્માર્ટ સિટીના શાસકોના ગાલ પર તમાચા સમાન છે. સ્તુતિ શેઠ નામની દુલ્હન પાર્લરથી તૈયાર થઈને લગ્ન મંડપ જવા નીકળી હતી. સામાન્ય રીતે ઘરેથી લગ્ન સ્થળનું અંતર ૧૫ મિનિટનું હતું, પરંતુ ખોદકામ અને આયોજનના અભાવે આ રસ્તો ૧ કલાક લાંબો બની ગયો હતો. રસ્તામાં ત્રણ બસો એવી ફસાઈ હતી કે વન-વે ટ્રાફિકમાં ગાડીઓ ઇંચ પણ હલે તેમ નહોતી. મુહૂર્તનો સમય થઈ ગયો હોવા છતાં દુલ્હન રસ્તામાં જ હતી. અંતે, કોઈ વિકલ્પ ન બચતા દુલ્હને પોતાની પ્રતિષ્ઠાની પરવા કર્યા વગર રસ્તા પરથી પસાર થતા એક અજાણ્યા એક્ટિવા ચાલક પાસે લિફ્ટ માંગી હતી. એટલું જ નહીં, તેની માતા અને ભાઈએ પણ અન્ય અજાણ્યા વાહનચાલકોની મદદ લેવી પડી હતી. દુલ્હને ભારે રોષ સાથે તંત્રને સવાલ કર્યો છે કે, જો ખાડા ખોદવા હોય તો તેને સમયસર પૂરવાની દાનત કેમ રાખવામાં આવતી નથી? સ્તુતિએ ગંભીર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, "મારા લગ્ન તો મુહૂર્ત વગર પણ થઈ જાત, પણ જો કોઈ ઈમરજન્સી એમ્બ્યુલન્સ આ જામમાં ફસાઈ હોત તો શું કોઈનો જીવ પાછો આવી શક્યો હોત?" આ ઘટનાએ વડોદરાના નાગરિકોમાં છૂપો રોષ જગાડ્યો છે. દરરોજ હજારો લોકો આવા જ ટ્રાફિકમાં કિંમતી કલાકો બગાડી રહ્યા છે, પરંતુ તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ જણાય છે. દુલ્હનનું મનપસંદ ફોટોશૂટ તંત્રની બેદરકારીને કારણે બગડ્યું, પણ આ કિસ્સો વડોદરાના વહીવટદારો માટે એક મોટી લાલબત્તી સમાન છે. શું હવે લોકોએ લગ્ન કે પ્રસંગો માટે પણ તંત્રની અણઘડ કામગીરીને ધ્યાનમાં રાખીને દિવસો અગાઉ નીકળવું ?

**સ્માર્ટ સિટી વડોદરાની વરવી વાસ્તવિકતા ફરી એકવાર સામે આવી છે. આજવા રોડ પર ખોદાયેલા ખાડા અને આડેધડ ટ્રાફિક જામને કારણે દુલ્હન સ્તુતિ શેઠ કલાકો સુધી રસ્તામાં અટવાઈ હતી. ૧૫ મિનિટના રસ્તે ૪૫ મિનિટ સુધી કાર ન હલતા, અંતે દુલ્હન, તેની માતા અને ભાઈએ અલગ-અલગ એક્ટિવા પર લિફ્ટ માંગી લગ્નમંડપે પહોંચવું પડ્યું હતું. તંત્રના પાપે નવવધૂનું ફોટોશૂટ તો બગડ્યું જ, પણ જો આ જામમાં કોઈ એમ્બ્યુલન્સ હોત તો કોઈનો જીવ જઈ શક્યો હોત તેવો રોષ દુલ્હને વ્યક્ત કર્યો**

# વડોદરાની વિશ્વામિત્રી નદીમાં મહાકાય મગરનો મૃતદેહ મળતા ચકચાર જગી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની ઓળખ સમાન વિશ્વામિત્રી નદીના મગરો હાલ વિવાદ અને જોખમ બંનેના કેન્દ્રમાં છે. એક તરફ મગરોને નદીમાંથી સ્થળાંતર કરવાની ચર્ચાઓ ચાલી રહી છે, ત્યારે બીજી તરફ નદીમાં મગરોના મોતનો સિલસિલો યથાવત છે. આજે અકોટા બ્રિજ નજીક નદીના પટમાં એક મગર મૃત હાલતમાં જોવા મળ્યો હતો. સ્થાનિક નાગરિકની જાણકારી બાદ જીવદયા પ્રેમીઓ અને વન વિભાગે મગરના દેહને કબજે કર્યો હતો. આ મગરની લંબાઈ આશરે ૪ ફૂટ જેટલી છે. મગર એ શેડ્યૂલ-૧ હેઠળ આવતું સંરક્ષિત વન્યજીવ છે અને વિશ્વામિત્રી તેનું કુદરતી નિવાસસ્થાન છે. નિષ્ણાતોના મતે, મગર પાણીમાં તરંગોના આધારે શિકાર નક્કી કરતો હોય છે, જે ઘણીવાર માનવ-મગર સંઘર્ષનું કારણ બને છે. જોકે, હાલ જે રીતે મગરો મૃત અવસ્થામાં મળી રહ્યા છે, તે નદીના પ્રદૂષણ અથવા અન્ય કોઈ બીમારી તરફ નિર્દેશ કરી રહ્યા છે. વન વિભાગના જણાવ્યા અનુસાર, પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ ખબર પડશે કે મગરનું મોત કુદરતી છે કે તેમાં કોઈ માનવીય દખલગીરી છે. વડોદરામાં મગરોની વસ્તી વધી રહી છે ત્યારે તેમના યોગ્ય સંરક્ષણ અને સુરક્ષા માટે વન વિભાગ સક્રિય બને તેવી માંગ જીવદયા પ્રેમીઓએ કરી છે.




# લિંબચધામ અંતિસરા: ભવ્ય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

**દૈનિક પલ્સ સમાચાર:** મોડાસા તાલુકાના શીકા ગામ પાસે આવેલ પવિત્ર શ્રી લિંબચધામ અંતિસરા ખાતે ભવ્ય મંદિરનું પ્રાણ પ્રતિષ્ઠા અને લોકાર્પણ વિધિ સંપન્ન થઈ છે. મોડાસા જુથ લિંબચ સમાજ અને સેવા સમાજ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ મહોત્સવમાં સમાજની એકતા અને આસ્થાના દર્શન થયા હતા. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ૨૧ કુંડી સંતચંડી મહાયજ્ઞની પૂર્ણાહુતિ સાથે મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે કરવામાં આવી હતી.

આ પ્રસંગે યોજાયેલી શોભાયાત્રામાં ભક્તોનો મહેરામણ ઉમટી પડ્યો હતો. આકર્ષણનું કેન્દ્ર હેલિકોપ્ટર દ્વારા કરવામાં આવેલી પુષ્પવર્ષા રહી હતી, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. મંદિરના નિર્માણમાં સમાજના શ્રેષ્ઠીઓ અને દાતાઓએ જમીન, સોના-ચાંદી અને રોકડનું ઉદાર હાથે દાન આપ્યું હતું. અમૃતભાઈ નાઈ અને ટ્રસ્ટી મંડળના માર્ગદર્શન હેઠળ આયોજિત આ મહોત્સવ હવે લિંબચ સમાજ માટે આસ્થાનું કેન્દ્ર બનશે. આ મહોત્સવ સમાજની સાંસ્કૃતિક વિરાસત અને અતૂટ શ્રદ્ધાના પ્રતીક તરીકે ઇતિહાસમાં અંકિત થયો છે.



રિપોર્ટ : સંજીવકુમાર શર્મા

## વડોદરા મલ્હાર પોઇન્ટ: AC માં શોર્ટ સર્કિટથી ભીષણ આગ

વડોદરાના ઓલ્ડ પાદરા રોડ વિસ્તારમાં આવેલા મલ્હાર પોઇન્ટ એબીસી ટાવરમાં આજે બપોરે એસી યુનિટમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. એસીના આઉટડોર યુનિટમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગતા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા, જેના કારણે બિલ્ડિંગમાં રહેલા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ઘટનાની ગંભીરતા જોઈ સ્થાનિકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. વડીવાડી ફાયર સ્ટેશનની ટીમે ઘટનાસ્થળે પહોંચી આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આ સાથે જ MGVCL અને ૧૧૨ની ટીમે પણ પહોંચી વીજ પુરવઠો બંધ કરી સુરક્ષા વ્યવસ્થા જાળવી હતી. સદનસીબે, આગ સમયે કોઈ વ્યક્તિ નજીક ન હોવાથી જાનહાનિ ટળી હતી, પરંતુ એસી યુનિટ સંપૂર્ણ બળી ગયું હતું. ઉનાળાની શરૂઆત સાથે જ ઈલેક્ટ્રિકલ ઉપકરણો પર લોડ વધતા શોર્ટ સર્કિટના કિસ્સાઓ વધી રહ્યા છે, જે અંગે સાવચેતી રાખવી જરૂરી બની છે.

## નશામાં ધૂત બોલેરો ચાલકે ડિવાઈડર તોડ્યું, એકની ધરપકડ

વડોદરાના ગુજરાત રિફાઇનરી રોડ પર નશામાં ધૂત બોલેરો ચાલકે ભયાનક અકસ્માત સર્જ્યો હતો. કોયલી પાસે ગંગાનગર સોસાયટીના નાકે સફેદ રંગની બોલેરો કેમ્પર ગાડીના ચાલક અજય ગોહિલે દારૂ પીધેલી હાલતમાં બેફામ ગાડી હંકારીને તેને ડિવાઈડર સાથે અથડાવી દીધી હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે ડિવાઈડરને નુકસાન પહોંચ્યું હતું અને ચાલક પોતે પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. રસ્તામાં એક કારને પણ ટક્કર વાગી હતી, જ્યારે એક બાઇક ચાલકનો અદ્ભુત બચાવ થયો હતો. જવાહરનગર પોલીસે સ્થળ પર પહોંચી ડ્રાઈવરનો બ્રેથ એનાલાઈઝર ટેસ્ટ કર્યો હતો, જેમાં આલ્કોહોલની હાજરી સાબિત થઈ હતી. પોલીસને તપાસ દરમિયાન ગાડીમાંથી દારૂની બોટલ પણ મળી આવી હતી. ૨૦ વર્ષીય આરોપી અજય ગોહિલ વિરુદ્ધ ગુનો નોંધી પોલીસ હવે એ તપાસ કરી રહી છે કે તે દારૂ ક્યાંથી લાવ્યો હતો અને ક્યાં જઈ રહ્યો હતો.

## તરસાલીમાં ડમ્પરે એક્ટિવા સવારને કચડ્યા, આધેડનું મોત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના તરસાલી વિસ્તારમાં ૨૨ ફેબ્રુઆરીના રોજ એક હચમચાવી નાખતી અકસ્માતની ઘટના સામે આવી છે. તરસાલી બળીયાદેવ મંદિર પાસેના માર્ગ પર ભારે વાહનોની બેફામ ગતિએ વધુ એક નિર્દોષનો જીવ લીધો છે. મળતી માહિતી મુજબ, જામ્બુવામાં રહેતા ૫૫ વર્ષીય દોલતરામ લુહાર પોતાના એક્ટિવા પર જઈ રહ્યા હતા, ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે આવતા એક ડમ્પરના ચાલકે તેમને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં ડમ્પરનું ભારેખમ ટાયર દોલતરામ પર ફરી વળતા તેમનું ઘટનાસ્થળે જ અત્યંત કરુણ મોત નીપજ્યું હતું.

અકસ્માતની પ્રચંડતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે આધેડનું એક્ટિવા ડમ્પરના આગળના ભાગમાં ફસાઈ ગયું હતું, જેને લોકોએ મહામુસીબતે બહાર કાઢ્યું હતું. ઘટનાની જાણ થતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. મૃતક દોલતરામ લુહાર મૂળ રાજસ્થાનના વતની હતા અને વડોદરામાં બસ બોડીના કામકાજ સાથે જોડાયેલા હતા. તેમના અચાનક અવસાનથી પરિવારમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.

સ્થાનિક રહીશોમાં બેફામ દોડતા ભારે વાહનોને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે ભરચક વિસ્તારોમાં પણ ડમ્પર ચાલકો ગતિ મર્યાદાનું પાલન કરતા નથી. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે અને અકસ્માત સર્જીને નાસી છૂટેલા ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. પોસ્ટમોર્ટમની વિધિ પૂર્ણ થયા બાદ મૃતદેહને તેમના વતન રાજસ્થાન ખાતે અંતિમ સંસ્કાર માટે લઈ જવામાં આવશે.

**સમાચાર તથા જાહેરાત આપવા સંપર્ક કરો : ૯૯૦૯૯૧૧૧૭૫**

# વડોદરા ગ્રામ્ય LCBના દરોડા: કન્ટેનરમાંથી ₹94 લાખનો દારૂ ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં બુટલેગરોના મનસૂબા પર પોલીસે પાણી ફેરવ્યું છે. LCBની ટીમે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પરથી એક મોટા કન્ટેનરમાં છુપાવેલો રૂ. 94 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસને બાતમી મળી હતી કે ભરૂચ તરફથી એક કન્ટેનર દારૂ ભરીને આવી રહ્યું છે. પોલીસે લક્ષ્મીપુરા પાસે વોચ ગોઠવી કન્ટેનર અટકાવ્યું, ત્યારે દરવાજો ખોલતા અંદર કશું જ દેખાયું નહોતું. જોકે, શંકાના આધારે તપાસ કરતા કન્ટેનરમાં ગુપ્ત ચોરખાનું મળી આવ્યું હતું. આ પતરું કાપતા અંદરથી 16,620 બોટલો ભરેલી 710 પેટીઓ મળી આવી હતી. કુલ રૂ. 1.09 કરોડનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે રાજસ્થાનના શખ્સની ધરપકડ કરી છે.

અન્ય એક કિસ્સામાં કરજણ પાસે દેથાણ ગામના ટોલ નાકા પાસે વોચ ગોઠવીને એક પીકઅપ ગાડી ઝડપી પાડવામાં આવી હતી. આ ગાડીમાંથી પણ રૂ. 10.46 લાખનો દારૂ મળી આવ્યો હતો. પોલીસે આ મામલે મુંબઈ અને રાજસ્થાનના સપ્લાયરો સહિતના શખ્સો સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. છેલ્લા એક અઠવાડિયામાં વડોદરા ગ્રામ્ય પોલીસે કુલ 3 કરોડ જેટલી કિંમતનો દારૂ ઝડપીને રાજ્યભરમાં ચકચાર જગાડી છે.




## વડોદરા: સિનિયર સિટીઝન સાથે ૧૬ લાખનું સાયબર ફ્રોડ અટક્યું




**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના એક નિવૃત્ત વ્યક્તિને ઠગોએ બનાવટી મની લોન્ડરિંગ કેસમાં ડરાવી ૫ દિવસ સુધી ડિજિટલ અરેસ્ટમાં રાખ્યા હતા. ઠગોએ ૧૬ લાખ રૂપિયા ગુડગાંવના ખાતામાં ટ્રાન્સફર કરવા દબાણ કર્યું હતું. જ્યારે વૃદ્ધ ૨૦ લાખની FD તોડાવવા બેંક પહોંચ્યા, ત્યારે મેનેજરને શંકા જતા તેમણે પોલીસને જાણ કરી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી સિનિયર સિટીઝનના લાખો રૂપિયા બચાવી લીધા હતા, જેનાથી પરિવારે પોલીસનો આભાર માન્યો છે.

## મકરપુરા: સ્વામિનારાયણ મંદિરે આંતરરાષ્ટ્રીય રક્તદાન શિબિર




**દૈનિક પલ્સ સમાચાર:** મકરપુરા સ્વામિનારાયણ મંદિરે ૨૨ ફેબ્રુઆરીના રોજ આંતરરાષ્ટ્રીય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ.પૂ. આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી આયોજિત આ કેમ્પમાં પૂર્વ ચેરમેન ડૉ. હિતેન્દ્ર પટેલ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મદનમોહનજી મહારાજની સ્થાપનાના ૨૦૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ગુજરાત અને દેશના વિવિધ શહેરોમાં એકસાથે આ રક્તદાન યજ્ઞ યોજાયો હતો, જેમાં ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## બુટલેગર સાહિલ પિંજારા સામે પાસા હેઠળ કાર્યવાહી




**દૈનિક પલ્સ સમાચાર:** જામનગરમાં દારૂની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા સાહિલ ફિરોજભાઈ પિંજારા સામે વહીવટી તંત્રે લાલ આંખ કરી છે. અગાઉ નોંધાયેલા ઇંગ્લીશ દારૂના બે કેસોના આધારે એલસીબી દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરની મંજૂરી મળતા જ પોલીસે સાહિલની અટકાયત કરી હતી. કાયદો અને વ્યવસ્થા જાળવવાના ભાગરૂપે આરોપીને જામનગરથી વડોદરાની મધ્યસ્થ જેલમાં ખસેડવામાં આવ્યો છે.

# વડોદરા: અકોટામાં ભવ્ય હિન્દુ સંમેલન યોજાયું, સંગઠનનો સંદેશ અપાયો

## વડોદરા: અકોટા રોડ પર આર.એસ.એસ.નું વિશાળ હિન્દુ સંમેલન

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના શૈક્ષણિક અને સાંસ્કૃતિક હૃદય સમાન અકોટા વિસ્તારમાં આજે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા 'હિન્દુ સંમેલન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આઈનોક્સ સિનેમા પાસે આવેલા અમરદીપ હોમ્સના વિશાળ મેદાનમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વડોદરાના ખૂણેખૂણેથી હિન્દુ ભાઈઓ, બહેનો, વડીલો અને નાના બાળકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આયોજનની વિશેષતા એ હતી કે પાર્કિંગથી ગ્રાઉન્ડ સુધીની વ્યવસ્થા અત્યંત સુચારુ હતી અને અંદર આવતા દરેક મહેમાનનું નાની બહેનોએ કુમકુમ તિલક અને ગુલાબના પુષ્પથી સ્વાગત કરી ભારતીય સંસ્કૃતિના દર્શન કરાવ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ભરૂચના પ.પૂ. સ્વામી મુક્તેશ્વરાનંદજી અને સંઘના અગ્રણી મોહનભાઈ ઉપસ્થિત રહ્યા હતા. સ્વામીજીએ પોતાના પ્રવચનમાં હિન્દુ એકતા પર વિશેષ ભાર મૂકતા જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં જાતિવાદ અને ભેદભાવ ભૂલીને સંગઠિત થવું અનિવાર્ય છે. તેમણે સૌને એક-નેક બની ભાઈચારાની ભાવના સાથે રહેવા આહવાન કર્યું હતું. મોહનભાઈએ પણ શારીરિક અને માનસિક દ્રઢતા સાથે સંગઠનને મજબૂત કરવા માર્ગદર્શન આપ્યું હતું. આ સંમેલન માત્ર પ્રવચન પૂરતું મર્યાદિત ન રહેતા સાંસ્કૃતિક વારસાને પણ ઉજાગર કરતું હતું. નાના બાળકોએ મધુર કંઠે ગીતો ગાયા હતા અને એક બાળકે અદભૂત રીતે શિવ તાંડવ સ્તોત્રનું પઠન કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. વાતાવરણમાં 'ભારત માતા કી જય' અને 'હર હર મહાદેવ'ના નાદથી નવી ઊર્જાનો સંચાર થયો હતો. ૫:૩૦ વાગ્યે શરૂ થયેલો આ કાર્યક્રમ શિસ્તબદ્ધ રીતે સંપન્ન થયો હતો. કાર્યક્રમના અંતે આયોજકો દ્વારા આયોજિત મહાપ્રસાદમાં હજારો શ્રદ્ધાળુઓએ એકસાથે ભોજન ગ્રહણ કર્યું હતું. આર.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવેલી આ વ્યવસ્થાએ વડોદરામાં સંગઠિત શક્તિની પ્રતીતિ કરાવી હતી.




રિપોર્ટ: તેજસ જોષી

**વડોદરાના અકોટા વિસ્તારમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા ભવ્ય હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં બહેનો દ્વારા કુમકુમ તિલક અને ગુલાબના ફૂલથી શ્રોતાઓનું સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે ભરૂચના પ.પૂ. સ્વામી મુક્તેશ્વરાનંદજી અને સંઘના પ્રાંત શારીરિક પ્રમુખ મોહનભાઈ ઉપસ્થિત રહ્યા હતા. સ્વામીજીએ હિન્દુ સંગઠન મજબૂત કરવા અને એકતા જાળવવા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં બાળકોએ ગીતો અને શિવ તાંડવની રજૂઆત કરી હતી. અંતમાં સૌએ સમૂહમાં પ્રસાદ ગ્રહણ કર્યો હતો.**

# ઝાલોદ: ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા દ્વારા ₹370 લાખના કામોનું ખાતમુહૂર્ત

**દૈનિક પલ્સ સમાચાર:** ઝાલોદ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાના વરદહસ્તે પાવડી જિલ્લા પંચાયત સીટના વિકાસ માટે કરોડો રૂપિયાના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. કુલ રૂ. ૩૭૦.૩૩ લાખના ખર્ચે હાથ ધરાનારા આ પ્રકલ્પો ગ્રામીણ સુવિધાઓમાં નોંધપાત્ર વધારો કરશે. વિકાસ કાર્યોની વિગતો મુજબ, નાની હાંડી ગામે ૧.૮૦ કિ.મી. લાંબો રોડ અને પાવડી ગામે શાળા તેમજ તળાવ ફળીયાને જોડતો નવો રોડ બનાવવામાં આવશે. શિક્ષણ ક્ષેત્રે પરથમપુર અને વસ્તી ગામે પ્રાથમિક શાળાઓમાં લાઈબ્રેરીની સુવિધા અપાશે. વહીવટી સરળતા માટે કાળીગામ ઇનામી ખાતે નવું ગ્રામ પંચાયત ભવન નિર્માણ પામશે. ઉપરાંત, ગુલતોરા ગામને સામાજિક કાર્યક્રમો માટે કોમ્યુનિટી હોલ અને મહિલાઓના ઉત્થાન માટે નારીકેન્દ્રની ભેટ મળી છે. ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાએ આ અવસરે જણાવ્યું કે સરકાર છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડવા કટિબદ્ધ છે. આ પ્રકલ્પોથી ગામડાઓમાં રોજગારી અને પરિવહનની નવી તકો ખુલશે. ગ્રામજનોએ આ વિકાસ કાર્યોને હર્ષભેર વધાવી લીધા હતા. આ ખાતમુહૂર્ત પ્રસંગે વિવિધ ગામોના સરપંચો, સંગઠનના હોદ્દેદારો અને ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.


રિપોર્ટ : અનિલ નિસારતા

# વડોદરા: અગોરા સેન્ટરમાં બીજા માળેથી પટકાયા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના સમા સ્થિત અગોરા સિટી સેન્ટરમાં યુવકના મોત મામલે રહસ્ય ઘેરાયું છે. સીસીટીવીમાં હિતેન્દ્ર પરમાર બીજા માળની દીવાલ પર ટીંગાયેલો અને ત્યારબાદ નીચે પટકાતો સ્પષ્ટ દેખાય છે. ત્રણ મિનિટ સુધી જીવ બચાવવા સંઘર્ષ કર્યા બાદ તે નીચે ખાબકતા મોતને ભેટ્યો હતો. પોલીસ આ બનાવને ચોરીના ઇરાદે કરેલા પ્રવેશ અને ભાગવાના પ્રયાસ તરીકે જોઈ રહી છે. બીજી તરફ, હિતેન્દ્રના ભાઈ અજીતસિંહે ગંભીર આક્ષેપ કર્યો છે કે હિતેન્દ્ર કોન્ટ્રાક્ટર પાસે પોતાના લેણાં પૈસા લેવા ગયો હતો અને ત્યાં તેને પકડી રાખ્યા બાદ બાઉન્સરે જાણીજોઈને હાથ છોડી દીધો હતો. પરિવારે પોલીસની કામગીરી સામે શંકા વ્યક્ત કરી નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. ડીસીપી એન્ડ્રુ મેકવાને જણાવ્યું છે કે યુવક અગાઉ ત્યાં કામ કરતો હોવાથી તમામ પાસાઓ અને પરિવારના આક્ષેપોની ઝીણવટભરી તપાસ કરાશે.

**વડોદરાના અગોરા સિટી સેન્ટરમાં હિતેન્દ્ર પરમાર નામનો યુવક બીજા માળેથી પટકાતા મોતને ભેટ્યો છે. સીસીટીવીમાં યુવક લટકતો જોવા મળ્યો હતો. પોલીસે ચોરીની આશંકા વ્યક્ત કરી છે, જ્યારે પરિવારે લેણાં પૈસા બાબતે માથાકૂટમાં આ ઘટના બની હોવાનો આક્ષેપ કર્યો છે**

# પાલીયાબીયા આરોગ્ય મંદિરને રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર મળ્યું

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારમાં આરોગ્ય સેવાઓની મજબૂત સ્થિતિનો પુરાવો પાલીયાબીયા આરોગ્ય મંદિરની રાષ્ટ્રીય સિદ્ધિએ આપ્યો છે. પોશીના તાલુકાના આ અંતરિયાળ આયુષ્માન આરોગ્ય મંદિરને નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ્સ (NQAS) હેઠળ રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. આ આરોગ્ય કેન્દ્રે આકરી કસોટી બાદ ૧૨ નિર્ધારિત માપદંડોમાં 94.53% ગુણ પ્રાપ્ત કરીને પોતાની ગુણવત્તા સાબિત કરી છે. આરોગ્ય મંદિરની આ સફળતા પાછળ ટીમ વર્ક અને સતત મોનિટરિંગ મુખ્ય પરિબળો રહ્યા છે. અહીં ઉપલબ્ધ રસીકરણ સેવાઓ, નોન-કમ્યુનિકેબલ રોગોની તપાસ, લેબોરેટરી ટેસ્ટિંગ અને સમુદાય આધારિત પ્રવૃત્તિઓએ રાષ્ટ્રીય સ્તરના નિરીક્ષકોનું ધ્યાન ખેંચ્યું હતું. "સમાન અને ગુણવત્તાસભર આરોગ્ય સેવા" ના લક્ષ્યને સાર્થક કરતા આ કેન્દ્રમાં જરૂરી દવાઓનો જથ્થો અને દર્દી કેન્દ્રિત અભિગમ પણ પ્રશંસનીય રહ્યો છે. જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ભૌગોલિક રીતે કપરા વિસ્તારમાં હોવા છતાં આ ટીમે જે પ્રતિબદ્ધતા દર્શાવી છે તે અન્ય કેન્દ્રો માટે પ્રેરણારૂપ છે. આ પ્રકારના પ્રમાણપત્રો મળવાથી સરકારી આરોગ્ય સંસ્થાઓ પ્રત્યે લોકોનો વિશ્વાસ વધે છે. સ્થાનિક ગ્રામજનો અને આરોગ્ય કર્મચારીઓએ આ ગૌરવપૂર્ણ ક્ષણને હર્ષોલ્લાસ સાથે વધાવી લીધી છે.


રિપોર્ટ : સંજીવકુમાર શર્મા

# બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા શૈક્ષણિક અધિવેશનનું આયોજન


**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ અને બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે પાલનપુરના જગાણા ખાતે 'શૈક્ષણિક અધિવેશન ૨૦૨૬' સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. પાલનપુર-અમદાવાદ હાઈવે પર સ્થિત ભાગ્ય ભૂમિ નભ શ્વંદ્ર પાર્શ્વ ધામ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં શિક્ષણ જગતના અનેક દિગ્ગજો એક મંચ પર જોવા મળ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગરથી ગુજરાત રાજ્યના પૂર્વ સંયુક્ત નિયામક (કમિશનર ઓફ સ્કૂલ્સ) શ્રી મહેતા સાહેબ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અધિવેશનનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લાના શિક્ષકોમાં શૈક્ષણિક જાગૃતિ લાવવી અને તેમના સન્માન દ્વારા પ્રોત્સાહન પૂરું પાડવાનો હતો. કાર્યક્રમ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને શ્રી મહેતા સાહેબના વરદ હસ્તે અભિનંદન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સન્માન મેળવનાર શિક્ષકોએ આ અવસરને પોતાના જીવનની એક યાદગાર ક્ષણ ગણાવી હતી. શ્રી મહેતા સાહેબે પોતાના વક્તવ્યમાં બનાસકાંઠાના શૈક્ષણિક વાતાવરણની પ્રશંસા કરી હતી અને શિક્ષકોને ટેકનોલોજી સાથે સુસંગત રહીને વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા આહવાન કર્યું હતું. જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પદાધિકારીઓએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. આ અધિવેશનથી જિલ્લાના શૈક્ષણિક વહીવટ અને શિક્ષક સંગઠન વચ્ચેના સમન્વયની સુંદર ઝાંખી જોવા મળી હતી.



રિપોર્ટ : બી.એમ.રાવળ

# પોલીસ ભરતીમાં ઊંચાઈના માપદંડ મામલે ગેરરીતિના આક્ષેપો સાથે વિવાદ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત પોલીસ ભરતી બોર્ડ ફરી એકવાર વિવાદોના વંટોળમાં ફસાયું છે. આ વખતે વિવાદ પેપર લીકનો નહીં પણ ઉમેદવારોની શારીરિક લાયકાત એટલે કે ઊંચાઈ માપવાની પદ્ધતિનો છે. વર્ષો સુધી ગ્રાઉન્ડ પર પરસેવો પાડીને ફિઝિકલ ક્લિયર કરનારા ઉમેદવારોને જ્યારે 'તમારી ઊંચાઈ ઓછી છે' તેમ કહીને તગેડી મુકાય છે, ત્યારે તેમની મહેનત પર પાણી ફરી વળે છે. ચોંકાવનારી વિગત એ છે કે, ૨૦૧૯ થી ૨૦૨૫ સુધીની વિવિધ ભરતીઓમાં જે ઉમેદવારો ફિઝિકલ પાસ કરી ચૂક્યા છે, તેઓ ૨૦૨૬માં કઈ રીતે નાપાસ થઈ શકે? પૂજા ઠાકોર અને રામદેવસિંહ ગોહિલ જેવા અનેક કિસ્સાઓ ચીસો પાડીને કહી રહ્યા છે કે ભરતી પ્રક્રિયામાં ક્યાંક મોટું 'સેટિંગ' અથવા ગંભીર ટેકનિકલ ખામી છે. રામદેવસિંહ જે સેન્ટર પર ગયા વર્ષે પાસ થયા હતા, તે જ જૂનાગઢ સેન્ટર પર આ વર્ષે તેમની ઊંચાઈમાં એક ઇંચનો ઘટાડો નોંધાયો છે. શું વિજ્ઞાનના નિયમો બદલાયા છે કે પછી અધિકારીઓએ પોતાના નિયમો બનાવ્યા છે? દિનેશ બાંભણિયાએ આ મુદ્દે આક્રમક રજૂઆત કરતા સરકાર સામે સવાલો ઉઠાવ્યા છે કે અધિકારીઓની બેદરકારીને કારણે હોનહાર વિદ્યાર્થીઓ આત્મહત્યા કરવા જેવા કદમ ભરે તો જવાબદાર કોણ? આ અન્યાયનો અવાજ છેક ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે. હાઈકોર્ટે કડક વલણ અપનાવતા ઉમેદવારોને રજિસ્ટ્રીમાં ૧૦,૦૦૦ રૂપિયા જમા કરાવીને સોલા સિવિલમાં ફરી તપાસ કરાવવા કહ્યું છે. જો ઉમેદવારની ઊંચાઈ યોગ્ય જણાશે તો ૧૦,૦૦૦ પરત મળશે, પરંતુ સવાલ એ છે કે ઉમેદવારને થયેલી માનસિક યાતનાનું વળતર કોણ આપશે? ૨૩ ફેબ્રુઆરીએ કોર્ટમાં રજૂ થનારો રિપોર્ટ પોલીસ ભરતી બોર્ડની પોલ ખોલશે કે કેમ તે જોવાનું રહેશે. પારદર્શક પરીક્ષાના નામે ઉમેદવારો સાથે થતો આ અન્યાય ગુજરાતના યુવાધનને નિરાશા તરફ ધકેલી રહ્યો છે.




**ગુજરાત પોલીસ ભરતીમાં પારદર્શિતાના દાવાઓ વચ્ચે ઊંચાઈ માપવામાં મોટી ગેરરીતિ સામે આવી છે. ૨૦૨૫માં PSI અને LRDની પરીક્ષામાં પાસ થયેલા અને BSFમાં પસંદગી પામેલા ઉમેદવારોને ૨૦૨૬ની ફિઝિકલ ટેસ્ટમાં 'હાઈટ ઓછી છે' તેમ કહી બહારનો રસ્તો બતાવી દેવાયો છે. એક જ સેન્ટર પર એક જ ઉમેદવારની ઊંચાઈ અલગ-અલગ વાર અલગ-અલગ નોંધાતા મશીનરી અને અધિકારીઓની દાનત પર શંકા જાય છે. આ અન્યાય સામે ઉમેદવારોએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે, જ્યાં ૧૦ હજાર જમા કરાવી ફરી માપણીનો આદેશ થયો છે.**

# વડોદરામાં હોળી રસિયા ફુલ ફાગોત્સવ અને રાસોત્સવની ભવ્ય ઉજવણી

## વડોદરા: વિસા ખડાયતા વણિક પ્રગતિ ટ્રસ્ટ દ્વારા ફાગોત્સવ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે સક્રિય શ્રી ચાર ગામ વિસા ખડાયતા વણિક પ્રગતિ ટ્રસ્ટ દ્વારા હોળીના પર્વને ભક્તિમય રીતે ઉજવવા માટે 'હોળી રસિયા ફુલ ફાગોત્સવ' અને મ્યુઝિકલ પુષ્ટિ રાગની રમઝટ સાથે રાસોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સમા વિસ્તારમાં આવેલા મધુવન પાર્ટી પ્લોટ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં અદ્ભુત ધાર્મિક માહોલ સર્જાયો હતો. કાર્યક્રમમાં ૧૦૮ શરણમ કુમારજી મહાદેયશ્રીની દિવ્ય ઉપસ્થિતિએ વૈષ્ણવ જનોમાં અનેરો ઉત્સાહ ભર્યો હતો. હોળીના તહેવારમાં જે રીતે વ્રજમાં ઠાકોરજી સાથે હોળી ખેલવામાં આવે છે, તે જ પરંપરાને અહીં જીવંત કરવામાં આવી હતી. મ્યુઝિકલ ગૃપ દ્વારા પુષ્ટિમાર્ગીય હોળીના રસિયાઓ અને પદોની એવી રમઝટ બોલાવવામાં આવી હતી કે અબાલ-વૃદ્ધ સૌ કોઈ રાસ-ગરબે ઘૂમ્યા હતા. આ પ્રસંગે નૈનેશભાઈ, અલ્પેશભાઈ, જૈમીનભાઈ, ગુંજનભાઈ અને હાર્દિકભાઈ શાહ સહિતના અગ્રણીઓએ મહેમાનો અને શ્રદ્ધાળુઓનું સ્વાગત કર્યું હતું. આ આયોજન માત્ર ધાર્મિક જ નહીં પણ સામાજિક રીતે પણ ઉમદા સાબિત થયું હતું. અત્યારે વિદ્યાર્થીઓની પરીક્ષાનો સમય હોવાથી ટ્રસ્ટ દ્વારા પરીક્ષાર્થી બાળકોના પ્રોત્સાહન માટે બોલપેન વિતરણની સરાહનીય વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત, પધારેલા તમામ વૈષ્ણવો અને આમંત્રિતો માટે ટ્રસ્ટ દ્વારા શુદ્ધ અને સાત્વિક મહાપ્રસાદની પણ સુંદર ગોઠવણ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકોએ પણ આ ફાગોત્સવમાં ભાગ લીધો હતો. ફૂલોની વર્ષા અને ભક્તિમય ગીતો સાથે આખો મધુવન પાર્ટી પ્લોટ કૃષ્ણભક્તિના રંગે રંગાઈ ગયો હતો. ટ્રસ્ટના પદાધિકારીઓએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. વડોદરાના ધર્મપ્રેમી જનતા માટે આ ફાગોત્સવ એક યાદગાર સંભારણું બની રહ્યો છે.



**વડોદરાના સમા વિસ્તારમાં આવેલા મધુવન પાર્ટી પ્લોટ ખાતે શ્રી ચાર ગામ વિસા ખડાયતા વણિક પ્રગતિ ટ્રસ્ટ દ્વારા હોળી રસિયા ફુલ ફાગોત્સવ અને રાસોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૧૦૮ શરણમ કુમારજી મહાદેયશ્રીએ ખાસ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમમાં મ્યુઝિકલ પુષ્ટિ રાગની રમઝટ સાથે શ્રદ્ધાળુઓ રાસ-ગરબે ઘૂમ્યા હતા. ટ્રસ્ટ દ્વારા પરીક્ષાર્થી બાળકો માટે બોલપેનની વ્યવસ્થા અને તમામ ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. નૈનેશભાઈ, અલ્પેશભાઈ સહિતના અગ્રણીઓની હાજરીમાં મોટી સંખ્યામાં વૈષ્ણવોએ ઉત્સવનો લાભ લીધો હતો.**

# વડોદરા: અનગઢ રેલવે ટ્રેક પર શંકાસ્પદ વસ્તુ મળતા દોડધામ મચી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા પાસેના અનગઢ વિસ્તારમાં રેલવે ટ્રેક પર શંકાસ્પદ વિસ્ફોટક પદાર્થ મળવાની ખબરે વહીવટી તંત્રમાં ભારે હડકંપ મચાવ્યો હતો. ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ નવાપુરા ગામ પાસેના રેલવે ટ્રેક પર અમુક અજાણી વસ્તુઓ પડી હોવાની માહિતી મળતા જ પોલીસ હરકતમાં આવી હતી. સુરક્ષાના કારણોસર રેલવે પ્રશાસનને પણ સતર્ક કરવામાં આવ્યું હતું. ઘટનાની જાણ થતા જ બોમ્બ સ્ક્વોડ (BDDS), SOG અને FSLની ટીમો સાધનો સાથે સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં આ વસ્તુ વિસ્ફોટક જેવી જણાતી હતી, પરંતુ નિષ્ણાતોની ઝીણવટભરી તપાસમાં મોટો ખુલાસો થયો હતો. આ પદાર્થ કોઈ જીવલેણ વિસ્ફોટક નહીં પણ લગ્ન પ્રસંગોમાં આતશબાજી માટે વપરાતા 'કોલ્ડ ફાયર' ફટાકડાના પહેલેથી ફૂટેલા અવશેષ હતા. પોલીસના મતે આ કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી ગંભીર શરારત હોઈ શકે છે. ટ્રેક પર આવા અવશેષો ફેંકવા પાછળનો હેતુ ભય ફેલાવવાનો હતો કે કેમ તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. સદનસીબે કોઈ અઘટિત ઘટના બની નથી અને રેલવે વ્યવહાર રાબેતા મુજબ ચાલુ રહ્યો છે. જોકે, આ કિસ્સાએ રેલવે ટ્રેકની સુરક્ષા અંગે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા કર્યા છે. **કિરણકુમાર ગોહેલ**

## રાજકોટ ક્રાઈમ ન્યૂઝ: કારમાંથી લાશ મળી અને લાખોની ચોરી

રાજકોટમાં મવડી પાળ રોડ પર પાર્ક કરેલી કારમાંથી યુવાનની લાશ મળતા રહસ્ય સર્જાયું છે, પ્રાથમિક રીતે આ ઝેરી દવા પીધાનો કેસ હોવાનું જણાય છે. અકસ્માતની એક ગંભીર ઘટનામાં રાજકોટ-અમદાવાદ હાઈવે પર ૨૧ ફેબ્રુઆરીની રાત્રે સ્વિફ્ટ કારના ચાલકે માલીયાસણ પાસે ૪૮ વર્ષીય મણીખંડન કાલીયાપનને હડફેટે લેતા તેમનું મોત થયું હતું. પોલીસે અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. ચોરીના કિસ્સામાં, રેલનગરના રાધિકા રેસીડેન્સીમાં રહેતા અનિલભાઈ મનાણીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ૧.૬૨ લાખની ચોરી કરી છે. આ ઉપરાંત, ગુનાખોરી ડામવા માટે ક્રાઈમ બ્રાન્ચે કાર્યવાહી કરતા વિદેશી દારૂના ગુનાઓમાં ઝડપાયેલા દર્પણ યોગેશ કાગદડા નામના શખ્સને પાસા હેઠળ અમદાવાદની મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યો છે. પોલીસ આ તમામ ઘટનાઓ પર વધુ તપાસ ચલાવી રહી છે.




'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'

# ડાભા ચોકડી પાસે ટ્રકમાં ભીષણ આગ, બે વ્યક્તિઓ દાઝ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાની ડાભા ચોકડી આજે ભીષણ આગની સાક્ષી બની હતી. ટ્રક પર વેલ્ડિંગ દરમિયાન લાગેલી આગે ટ્રક અને બાઇકને સ્વાહા કરી દીધા હતા. વિગતો મુજબ, ડાભા ચોકડી પાસે એક ટ્રકમાં રિપેરિંગની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન વેલ્ડિંગના તણખા ઉડતા ટ્રકમાં અચાનક આગ લાગી હતી. પવન અને જ્વલનશીલ પદાર્થોના કારણે આગ મિનિટોમાં જ આખા ટ્રકમાં ફેલાઈ ગઈ હતી. આગ એટલી પ્રચંડ હતી કે બાજુમાં ઉભેલી બાઇક પણ તેની ઝપેટમાં આવી ગઈ હતી અને જોતજોતામાં બંને વાહનો લોખંડના માળખામાં ફેરવાઈ ગયા હતા. આ અચાનક લાગેલી આગમાં બે થી ત્રણ વ્યક્તિઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક જંબુસરની અલ મહમદ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. તબીબોના જણાવ્યા મુજબ, બે વ્યક્તિઓની સ્થિતિ સ્થિર હોવાથી પ્રાથમિક સારવાર બાદ રજા અપાઈ છે, પરંતુ એક વ્યક્તિ વધુ પ્રમાણમાં દાઝી ગઈ હોવાથી તેને વધુ સારવાર માટે વડોદરા ખસેડવાની ફરજ પડી છે. ઘટનાની જાણ થતા જ જંબુસર નગરપાલિકાના ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. આગની વિકરાળતાને જોતા ફાયર ઓફિસરે આમોદથી પણ ફાયર ફાઈટરની મદદ માંગી હતી. બંને ટીમોએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને કલાકોની જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. આ દુર્ઘટનાને કારણે ડાભા ચોકડી વિસ્તારમાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને વાહનોની લાંબી કતારો લાગી હતી. સ્થાનિકોએ પણ આગ બુઝાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. વેલ્ડિંગ જેવી જોખમી કામગીરી કરતી વખતે સલામતીના સાધનોના અભાવે આ દુર્ઘટના ઘટી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. હાલમાં સ્થિતિ શાંત છે, પરંતુ આ અગ્નિકાંડમાં વાહન માલિકોને લાખોનું નુકસાન થયું હોવાનો અંદાજ છે.




# બોટાદમાં સાહિત્ય અકાદમી અને બોટાદકર સભા દ્વારા માતૃભાષા મહોત્સવ

**દૈનિક પલ્સ સમાચાર:** ૨૧ ફેબ્રુઆરી એટલે વિશ્વ માતૃભાષા દિવસ, જેની આ વર્ષે ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં ૭૦૦થી વધુ સ્થળોએ ઐતિહાસિક રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ કડીમાં બોટાદ ખાતે છેલ્લા સાત વર્ષથી સાહિત્યની સેવા કરતી 'બોટાદકર સાહિત્ય સભા' અને અકાદમીના સંયુક્ત ઉપક્રમે શ્રી તખ્તસિંહજી ગોહિલ જાહેર લાઈબ્રેરીમાં માતૃભાષા મહોત્સવ ઉજવાયો હતો. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના સાથે થયો હતો. પ્રખ્યાત ભજનિક શ્રી હરદેવગીરી બાપુએ પોતાની આગવી શૈલીમાં હાલરડાં, શૌર્યગીતો, લોકગીતો અને લગ્નગીતોની રમઝટ બોલાવી હતી. તેમની પ્રસ્તુતિએ ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. બીજી તરફ, વિદ્વાન સાહિત્યકાર શ્રી સુખાભાઈ બારોટ અને વિપુલભાઈ બારોટે દુહા, છંદ અને છપાખરા દ્વારા ગુજરાતી ભાષાની મીઠાસ અને લોક સંસ્કૃતિના દર્શન કરાવ્યા હતા. બોટાદકર સાહિત્ય સભાના મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા સાહિત્યપ્રેમીઓ વચ્ચે પ્રમુખ બાપુભાઈ ધાધલે આભાર દર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન શ્રેષ્ઠ સ્ટેજ સંચાલક પ્રવીણભાઈ ખાચર દ્વારા કરવામાં આવ્યું હતું. અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા અને મહામાત્ર જયેન્દ્રસિંહ જાદવના સફળ નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમની સફળતાને સૌએ બીરદાવી હતી. આ મહોત્સવ દ્વારા ગુજરાતી ભાષાના જતન અને સંવર્ધનનો મજબૂત સંદેશ પાઠવવામાં આવ્યો હતો.




# આસોદર ધોળેશ્વર મહાદેવ ખાતે આરોગ્ય તપાસ અને રક્તદાન કેમ્પ

**દૈનિક પલ્સ સમાચાર:** આસોદર સ્થિત ધોળેશ્વર મહાદેવ મંદિરના પવિત્ર પરિસરમાં માનવસેવાના બે મહત્વના કાર્યક્રમો - આરોગ્ય તપાસ કેમ્પ અને સ્વૈચ્છિક રક્તદાન શિબિર સંપન્ન થયા હતા. સામાજિક કાર્યકર જયભાઈ પટેલ અને તેમની સમર્પિત ટીમ દ્વારા આ સેવાકીય પ્રવૃત્તિનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની ગરિમા વધારવા માટે આણંદ જિલ્લાના લોકપ્રિય સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ સાહેબ તેમજ આંકલાવ શહેર ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ રક્તદાતાઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે રક્તદાન એ સૌથી મોટું દાન છે. આંકડાકીય વિગત મુજબ, આજના કેમ્પમાં ૫૮ જેટલા જરૂરિયાતમંદ નાગરિકોએ પોતાની સ્વાસ્થ્ય તપાસ કરાવી સંતોષ વ્યક્ત કર્યો હતો. બીજી તરફ, ૩૭ રક્તદાતાઓએ કરેલા સ્વૈચ્છિક રક્તદાન થકી કુલ ૬૧ યુનિટ રક્ત એકત્ર થયું હતું, જે રાષ્ટ્ર સેવા અર્થે અર્પણ કરવામાં આવ્યું છે. આ સમગ્ર આયોજનમાં રેડક્રોસ સોસાયટીની આંકલાવ અને તારાપુર શાખાઓએ ટેકનિકલ સહયોગી તરીકે મહત્વની ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમની સફળતા બાદ રેડક્રોસ સોસાયટી તારાપુર તાલુકા શાખા પરિવાર વતી તમામ રક્તદાતાઓ, સહયોગીઓ અને મહાનુભાવોનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો. આ પ્રકારના આયોજનોથી સમાજમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ અને સેવા ભાવના વધશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. **કિરણકુમાર ગોહેલ**

## ગજેરા બંધુઓ મુશ્કેલીમાં: 1928 કરોડની ફોર્જરીનો ગુનો દાખલ

સુરતના જાણીતા ગજેરા બંધુઓની મુશ્કેલીમાં ધરખમ વધારો થયો છે. ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ સુરત ઇકો સેલે ચુનીભાઈ, વસંત અને અશોક ગજેરા સહિત ૮ શખ્સો સામે ૧૯૨૮ કરોડની છેતરપિંડીનો ગુનો નોંધ્યો છે. ફરિયાદી પ્રવિણ અગ્રવાલનો આક્ષેપ છે કે વર્ષ ૨૦૧૫માં તેમના બોગસ રાજીનામા પત્રો તૈયાર કરી તેમને શાંતિ રેસીડેન્સીના ડિરેક્ટર પદેથી દૂર કરી દેવામાં આવ્યા હતા. આરોપીઓએ ટેકનોલોજીનો દુરુપયોગ કરી બોગસ ડિજિટલ સહીઓ બનાવી સરકારી રેકોર્ડમાં પણ ચેડાં કર્યા હતા. મિલેનીયમ પ્રોજેક્ટની ૧૮૫ દુકાનોના વેચાણમાં જંત્રી સિવાયની ૮૪% રકમ કંપનીમાં દર્શાવ્યા વગર જ ખિસ્સામાં ભરી ઉચાપત કરી હોવાનું બહાર આવ્યું છે. ફરિયાદીને જાનથી મારવાની અને ખોટા કેસમાં ફસાવવાની ધમકીઓ પણ આપવામાં આવી હતી. નોંધનીય છે કે ગજેરા બંધુઓ સામે અગાઉ પણ અનેક ગુનાઓ નોંધાયેલા છે અને ED દ્વારા મની લોન્ડરિંગનો કેસ પણ ચલાવવામાં આવી રહ્યો છે. આ કૌભાંડે રિયલ એસ્ટેટ જગતમાં સનસનાટી મચાવી દીધી છે.

# ગુજરાત હાઈકોર્ટનો મોટો ચુકાદો: પુખ્ત પુત્રીને જીવનસાથી પસંદ કરવાનો હક

## હાઈકોર્ટનો ચુકાદો: પુખ્ત યુવતીની સંમતિ જ લગ્નમાં સર્વોપરી


રિપોર્ટ : હસમુખ નાયક

**દૈનિક પલ્સ સમાચાર:** લગ્ન નોંધણીના નિયમોમાં માતા-પિતાની સંમતિ ફરજિયાત બનાવવાની સામાજિક માંગણીઓ વચ્ચે ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ અને દિશાસૂચક ચુકાદો સંભળાવ્યો છે. હાઈકોર્ટે 'વ્યક્તિગત સ્વતંત્રતા' અને 'બંધારણીય હકો'ને કોઈપણ વહીવટી કે સામાજિક નિયમો કરતા શ્રેષ્ઠ ગણાવ્યા છે. આ કેસની પૃષ્ઠભૂમિ એવી હતી કે એક યુવતીએ પિતાની ઈચ્છા વિરુદ્ધ પ્રેમ લગ્ન કર્યા હતા, જેનાથી નારાજ પિતાએ પોતાની પુત્રીને પરત મેળવવા 'હેબિયસ કોર્પસ' અરજી દાખલ કરી દલીલ કરી હતી કે તેને પરાણે ગોંધી રાખવામાં આવી છે. જોકે, હાઈકોર્ટે આ મામલે કાયદાની સ્પષ્ટ વ્યાખ્યા રજૂ કરી હતી. કોર્ટે નોંધ્યું કે જ્યારે કોઈ નાગરિક પુખ્ત વયનો (Adult) બને છે, ત્યારે તેની પાસે પોતાનું જીવન કેવી રીતે જીવવું અને કોની સાથે લગ્ન કરવા તે નક્કી કરવાનો સંપૂર્ણ કાનૂની અધિકાર રહે છે. યુવતીએ કોર્ટ સમક્ષ હાજર થઈને પોતે પોતાની મરજીથી અને સુરક્ષિત રીતે લગ્ન કર્યા હોવાની ખાતરી આપતા, હાઈકોર્ટે પિતાના દાવાને ફગાવી દીધો હતો. હાઈકોર્ટે કડક શબ્દોમાં જણાવ્યું કે, "જ્યારે દીકરી પુખ્ત વયની હોય અને તે પોતાના લગ્ન અંગે સ્પષ્ટતા કરતી હોય, ત્યારે કાયદો તેની પડખે ઊભો રહે છે." આ ચુકાદો સામાજિક દ્રષ્ટિએ પણ ઘણો મોટો ગણાય છે કારણ કે તે સ્પષ્ટ કરે છે કે પુખ્ત વયની વ્યક્તિની સંમતિ જ સર્વોપરી છે. પરિવાર કે પિતા તેમની પસંદગી પુખ્ત સંતાન પર લાદી શકે નહીં. હાઈકોર્ટે સાબિત કર્યું છે કે વ્યક્તિગત આઝાદી એ ભારતીય લોકશાહીનો પાયો છે. આ ચુકાદો ભવિષ્યમાં એવા તમામ કિસ્સાઓ માટે નજીર (ઉદાહરણ) બનશે જ્યાં પુખ્ત યુગલોને લગ્ન માટે પારિવારિક કે વહીવટી અવરોધોનો સામનો કરવો પડે છે. આ રીતે, કોર્ટે કાયદાના શાસનમાં વ્યક્તિગત અધિકારોનું રક્ષણ કરવાની પોતાની કટિબદ્ધતા ફરી એકવાર દોહરાવી છે.

**રાજ્યમાં લગ્ન નોંધણીના બદલાયેલા નિયમોની ચર્ચા વચ્ચે ગુજરાત હાઈકોર્ટે વ્યક્તિગત સ્વાતંત્ર્યને પ્રાધાન્ય આપતો સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. પિતાની મરજી વિરુદ્ધ પ્રેમ લગ્ન કરનાર યુવતીના કેસમાં કોર્ટે જણાવ્યું કે, જ્યારે યુવતી પુખ્ત વયની હોય ત્યારે તેને જીવનસાથી પસંદ કરતા કોઈ રોકી શકતું નથી. પિતાની 'હેબિયસ કોર્પસ' અરજી ફગાવતા હાઈકોર્ટે નોંધ્યું કે બંધારણ દરેક પુખ્ત નાગરિકને મરજી મુજબ જીવવાની આઝાદી આપે છે. કાયદાની નજરમાં પરિવારના દબાણ કરતા પુખ્ત વ્યક્તિની સંમતિ જ સર્વોપરી ગણાશે.**

# શેરૂખાન પઠાણની અમદાવાદ શહેર ભાજપ લઘુમતી મોરચામાં મહામંત્રી પદે વરણી

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ શહેર ભાજપમાં સંગઠનાત્મક ફેરફારો અને નવી નિમણૂકોનો દોર ચાલી રહ્યો છે, જે અંતર્ગત લઘુમતી મોરચાના સંગઠનમાં એક મહત્વના ચહેરાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગોમતીપુર વોર્ડના કર્મઠ અને સક્રિય કાર્યકર્તા શેરૂખાન પઠાણ, જેઓ વિસ્તારમાં 'શેરૂ ભાઈ ખાદીવાલા' તરીકે ખ્યાતિ ધરાવે છે, તેમની અમદાવાદ શહેર લઘુમતી મોરચાના મહામંત્રી તરીકે સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે.
શેરૂખાન પઠાણની નિમણૂક પાછળ તેમનો લઘુમતી સમાજમાં રહેલો પ્રભાવ અને પક્ષ પ્રત્યેની તેમની નિષ્ઠા જવાબદાર હોવાનું માનવામાં આવે છે. વર્ષોથી ગોમતીપુર વિસ્તારમાં સામાજિક અને રાજકીય રીતે સક્રિય રહીને તેમણે ભાજપના પાયા મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. હવે શહેર કક્ષાએ મહામંત્રી તરીકેની જવાબદારી મળતા તેઓ સમગ્ર અમદાવાદમાં લઘુમતી સમાજને પક્ષ સાથે જોડવાનું કાર્ય કરશે.
આ જાહેરાત બાદ અમદાવાદના વિવિધ વિસ્તારોમાંથી લઘુમતી આગેવાનોએ શેરૂખાન પઠાણને રૂબરૂ મળીને અને સોશિયલ મીડિયાના માધ્યમથી અભિનંદન પાઠવ્યા હતા. લઘુમતી મોરચાના કાર્યકરોમાં પણ આ નિમણૂકને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પક્ષના અગ્રણીઓએ પણ આશા વ્યક્ત કરી છે કે શેરૂખાન પઠાણના નેતૃત્વમાં લઘુમતી મોરચો વધુ મજબૂત થશે અને આગામી સમયમાં પક્ષના કાર્યોને વેગ મળશે. શેરૂખાને પણ પક્ષનો આભાર માનતા જણાવ્યું હતું કે તેઓ સોંપેલી જવાબદારી સંપૂર્ણ નિષ્ઠાથી નિભાવશે.


રિપોર્ટ : ચેતન રાજપૂત

**ગોમતીપુર વોર્ડના સક્રિય કાર્યકર્તા શેરૂખાન પઠાણની અમદાવાદ શહેર ભાજપ લઘુમતી મોરચામાં મહામંત્રી તરીકે વરણી કરવામાં આવી છે. આ નિમણૂંકને લઘુમતી આગેવાનોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.**






# વિરાટ બજરંગ દળ: ગુજરાત અને રાજસ્થાનમાં નવી નિમણૂકો

**દૈનિક પલ્સ સમાચાર:** વિરાટ બજરંગ દળ ભારત સંગઠન દ્વારા દેશભરમાં સંગઠન શક્તિને મજબૂત બનાવવાના પ્રયાસોના ભાગરૂપે રાજસ્થાન અને ગુજરાતમાં નવી કાર્યકારિણીની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ સમગ્ર વરણી પ્રક્રિયા સંગઠનના સ્થાપક શ્રી સુશીલા દેવી અને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નિરંજન સિંહ રાજપૂતના આદેશાનુસાર સંપન્ન થઈ છે. પદાધિકારીઓની પસંદગીમાં તેમની ભૂતકાળની શ્રેષ્ઠ કામગીરી, અનુભવ અને સંસ્થા પ્રત્યેની વફાદારીને મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય માટે વિશેષ જાહેરાત કરતા શ્રી મેરાભાઈ ભરવાડને ગુજરાત પ્રદેશ મીડિયા પ્રભારી તરીકેની મહત્વની ભૂમિકા સોંપવામાં આવી છે, જેઓ સંગઠનની પ્રવૃત્તિઓને જન-જન સુધી પહોંચાડવાનું કાર્ય કરશે. રાષ્ટ્રીય ફલક પર પણ સક્ષમ નેતૃત્વની નિમણૂક કરવામાં આવી છે, જેમાં સંગઠન પ્રમુખ તરીકે શ્રી મુકેશ શર્મા (માનપુરા) અને રાષ્ટ્રીય પ્રભારી તરીકે શ્રી સંજય જૈન સેવા આપશે. સંગઠનાત્મક કાર્યોને વેગ આપવા માટે રાષ્ટ્રીય મહાસચિવ તરીકે શ્રી નારાયણ ચૌધરી અને રાષ્ટ્રીય સંગઠન મંત્રી તરીકે શ્રી જોગારામ મેન્સનની વરણી કરવામાં આવી છે.
સંગઠનના વિવિધ પાંખો (પ્રકોષ્ઠ) ને પણ વધુ સક્રિય બનાવવા માટે અનુભવી ચહેરાઓને સ્થાન મળ્યું છે. ગૌરક્ષા પ્રકોષ્ઠના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે શ્રી ઈશ્વર લાલ ઝાઝડા, યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે શ્રી હિતેશ ભાઈ મોદી અને ધર્મરક્ષા પ્રકોષ્ઠના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે શ્રી આચાર્ય સીતારામ શરણ જી મહારાજની નિમણૂક કરવામાં આવી છે. નવી કાર્યકારિણીની જાહેરાત થતા જ સમગ્ર વિરાટ બજરંગ દળ પરિવારે હર્ષની લાગણી વ્યક્ત કરી છે અને તમામ નવનિયુક્ત પદાધિકારીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય અને સફળ કાર્યકાળ માટે અંતરપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી છે. સંગઠનના વડાઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ નવી ટીમ ધર્મરક્ષા, ગૌરક્ષા અને રાષ્ટ્રહિતના કાર્યોમાં નવા કીર્તિમાન સ્થાપિત કરશે. આ નિમણૂકોથી ગુજરાત અને રાજસ્થાનમાં સંગઠનનું માળખું વધુ સુદ્રઢ બનશે અને પાયાના સ્તરે સેવાકીય પ્રવૃત્તિઓનો વિસ્તાર થશે.



રિપોર્ટ : મુકેશ પટેલ






# એકલેરામાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કાવ્ય સંગીત કાર્યક્રમ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા આયોજિત 'માતૃભાષા મહોત્સવ-૨૬' અંતર્ગત લીલીયા તાલુકાના એકલેરા ગામે કાવ્ય સંગીતનો ત્રિવેણી સંગમ રચાયો હતો. સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડો. ભાગ્યેશ જહા અને મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવના માર્ગદર્શન હેઠળ લોક સાહિત્ય સેતુ અમરેલી દ્વારા આ સરાહનીય આયોજન કરવામાં આવ્યું હતું. એકલેરાની પ્રાથમિક શાળામાં આયોજિત આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ગામના સરપંચ કુ. રાજેશ્વરી રાજ્યગુરુના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે ધારાસભ્ય મહેશભાઈ કાસવાળાનો પ્રોત્સાહક સંદેશ વાંચી સંભળાવવામાં આવ્યો હતો. લોક સાહિત્ય સેતુના પ્રમુખ ઈતેશભાઈ મહેતાએ પ્રાસંગિક ઉદ્બોધનમાં નવી પેઢીને માતૃભાષાનું મૂલ્ય સમજવા અનુરોધ કર્યો હતો. સંગીત સંધ્યામાં સંજય પડ્યા, રમેશ જાદવ, ડો. જ્વલંત ત્રવાડી અને સાહિલ ગુજરાતી જેવા નામી કલાકારોએ જમાવટ કરી હતી. કલાકારોએ વિવિધ લોક સંગીતની કલાઓ જેવી કે ભજન, દુહા અને ગુજરાતી ગરબા રજૂ કરી શ્રોતાઓને ડોલાવ્યા હતા. ગુજરાતી ભાષાના ગૌરવને વધારતા આ ગીતોએ ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ ભર્યો હતો.
કાર્યક્રમનું સંચાલન નરેશભાઈ રાજગુરુએ તેમની આગવી શૈલીમાં કર્યું હતું. આ સાંસ્કૃતિક કાર્યક્રમને સફળ બનાવવામાં જયેશભાઈ રાજગુરુ, સુનિલભાઈ ઠાકોર અને અન્ય યુવાનોએ સક્રિય ભૂમિકા ભજવી હતી. માતૃભાષાના સપ્તાહ નિમિત્તે ગ્રામીણ કક્ષાએ થયેલા આ આયોજનની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે.


રિપોર્ટ : સમીર ખોખર

# આપની વધતી લોકપ્રિયતાથી ભાજપ ભયભીત હોવાના ગંભીર આક્ષેપો

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં સત્તાના નશામાં ચૂર ભાજપ હવે વિપક્ષના પ્રચારથી પણ ડરવા લાગી છે. આમ આદમી પાર્ટીની વધતી જતી લોકપ્રિયતા ભાજપના નેતાઓ માટે ફાળા સમાન બની છે. રાજ્યના વિવિધ શહેરોમાં જ્યારે પણ આપના કાર્યકરો ઝંડા કે બેનરો લગાવે છે, ત્યારે ભાજપના શાસિત તંત્રો દ્વારા તેને તાત્કાલિક ઉતરાવી દેવામાં આવે છે. આ તે કેવો ડર છે? ૨૭ વર્ષથી સત્તામાં રહેલો પક્ષ શું એક નવા પક્ષના પોસ્ટરોથી આટલો ભયભીત થઈ શકે?
ભાજપનો આ વ્યવહાર સાબિત કરે છે કે તેમની પાસે જનતાને આપવા માટે કોઈ નવા જવાબો નથી, તેથી તેઓ વિપક્ષના પ્રચારને જ ગૂંગળાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. 'આપ' ના વધતા કદને રોકવા માટે ભાજપ હવે નીચલા સ્તરની રાજનીતિ પર ઉતરી આવ્યું છે. લોકશાહીમાં દરેક પક્ષને પોતાનો પ્રચાર કરવાનો અધિકાર છે, પરંતુ ગુજરાતમાં ભાજપ આ અધિકાર છીનવી રહ્યું હોય તેમ લાગે છે. શું બેનરો ઉતારવાથી લોકોના પ્રશ્નો ઉતરી જશે? શું મોંઘવારી અને બેરોજગારીનો મુદ્દો ઝંડા હટાવવાથી શાંત થઈ જશે? ભાજપનો આ 'આપ-ફોબિયા' હવે જનતામાં ચર્ચાનો વિષય બન્યો છે.


રિપોર્ટ : સમીર ખોખર

**ગુજરાતમાં આમ આદમી પાર્ટીની વધતી લોકપ્રિયતા શાસક પક્ષ ભાજપ માટે માથાનો દુખાવો બની હોય તેમ લાગે છે. આપના ઝંડા અને બેનરો ઉતરાવી દેવાની ભાજપની આ 'નીચી' રાજનીતિ શું તેનો છૂપો ડર સૂચવે છે?**

# મહંત સ્વામી મહારાજ ૪ વર્ષ બાદ ભાવનગરમાં: ભવ્ય મહોત્સવનું આયોજન

## ભાવનગર: અક્ષરવાડી મંદિરના 20 વર્ષ, મહંત સ્વામી પધારશે

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર BAPS સ્વામિનારાયણ મંદિર 'અક્ષરવાડી' ખાતે આગામી એપ્રિલ માસમાં ભક્તિ અને સેવાના ત્રિવેણી સંગમ સમાન 'ભાવનગર મંદિર દ્વિદશાબ્દિ મહોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવની સૌથી મોટી વિશેષતા એ છે કે સંસ્થાના વડા પ.પુ. મહંત સ્વામી મહારાજ ૮ વર્ષના લાંબા અંતરાલ બાદ ભાવનગરના આંગણે પધારી રહ્યા છે. મહોત્સવની પૂર્વતૈયારીના ભાગરૂપે રવિવારે અક્ષરવાડીમાં શહેરના ૩૦૦થી વધુ મહાનુભાવો, સરપંચો અને પત્રકાર મિત્રોનું એક સ્નેહ સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે સારંગપુરથી પધારેલા વિદ્વાન સંત જ્ઞાનનયન સ્વામીએ જણાવ્યું હતું કે, મહંત સ્વામી મહારાજે હાલમાં જ અબુધાબીમાં અદભૂત હિન્દુ મંદિર અને અમેરિકાના રોબિન્સવિલેમાં દુનિયાના બીજા સૌથી મોટા હિન્દુ મંદિરનું પ્રદાન કરીને ભારતીય સંસ્કૃતિનો ડંકો વિશ્વમાં વગાડ્યો છે. આવા યુગવર્તી સંત ૨ એપ્રિલના રોજ ભાવનગર પધારશે અને ૧૫ એપ્રિલ સુધી રોકાણ કરીને વિવિધ પ્રેરક કાર્યક્રમો દ્વારા જનતાને આશીર્વાદ આપશે. મહંત સ્વામી મહારાજના આગમન પૂર્વે ભાવનગરમાં આધ્યાત્મિક વાતાવરણ જોવા મળી રહ્યું છે. અનેક હરિભક્તો તપ અને ઉપવાસમાં જોડાયા છે, પરંતુ સૌથી આકર્ષક પાસું બાળકોની સેવા પ્રવૃત્તિ છે. BAPSના બાળ વૃંદો ગલીએ-ગલીએ અને દુકાનોમાં જઈને લોકોને વ્યસનમુક્તિનો સંદેશ આપી રહ્યા છે. બાળકોની નિખાલસ અપીલથી અનેક લોકોએ તમાકુ જેવા વ્યસનો ત્યાગવાનો સંકલ્પ કર્યો છે. આ ઉપરાંત, બાળકોની ટીમો હોસ્પિટલોની મુલાકાત લઈને બીમાર દર્દીઓ જલ્દી સાજા થાય તે માટે સામૂહિક ધૂન અને પ્રાર્થના કરી રહી છે. અક્ષરવાડીના વરિષ્ઠ સંત સોમપ્રકાશ સ્વામીએ મહોત્સવનું હાર્દિક આમંત્રણ પાઠવતા કહ્યું હતું કે, શાસ્ત્રો મુજબ સંત સાક્ષાત તીર્થ સ્વરૂપ હોય છે. ભાવનગરની ધર્મપ્રેમી જનતા માટે આ એક સુવર્ણ અવસર છે જ્યારે તેઓ આટલા ઉચ્ચ કોટિના સંતના સાનિધ્યમાં પવિત્રતાનો અનુભવ કરી શકશે. ૧૫ દિવસ સુધી ચાલનારા આ મહોત્સવમાં ભક્તિ, કલા અને સંસ્કારોનો સમન્વય જોવા મળશે, જેમાં જોડાવા માટે ભાવનગરના સમસ્ત પ્રજાજનોને ભાવભર્યું નિમંત્રણ આપવામાં આવ્યું છે.




**ભાવનગર BAPS અક્ષરવાડી મંદિરને ૨૦ વર્ષ પૂર્ણ થતા 'દ્વિદશાબ્દિ મહોત્સવ'નું આયોજન કરાયું છે, જેમાં મહંત સ્વામી મહારાજ ૮ વર્ષ બાદ ભાવનગર પધારશે. ૨ થી ૧૫ એપ્રિલ દરમિયાન સ્વામીજીની નિશ્રામાં વિવિધ પ્રેરક કાર્યક્રમો યોજાશે. આ પ્રસંગે યોજાયેલા સ્નેહ મિલન સંમેલનમાં જ્ઞાનનયન સ્વામી અને સોમપ્રકાશ સ્વામીએ નગરજનોને આમંત્રણ પાઠવ્યું હતું. સ્વામીજીના આગમનને વધાવવા બાળકો દ્વારા વ્યસનમુક્તિ અને સેવાકીય પ્રવૃત્તિઓનો વેગ અપાયો છે.**

# કપડવંજ તાલુકાના ભૂંગળીયા ગામે વિરાટ હિન્દુ સંમેલનનું આયોજન થયું

**દૈનિક પલ્સ સમાચાર:** કપડવંજ તાલુકાના ભૂંગળીયા ગામે આજે વિરાટ હિન્દુ સંમેલનનો ઉમળકાભેર પ્રારંભ થયો હતો. ગામના મધ્યભાગમાં આયોજિત આ સંમેલનમાં ભક્તિ અને સામાજિક ચેતનાનો અદભૂત સમન્વય જોવા મળ્યો હતો. આ પ્રસંગે ગામના જાણીતા આગેવાન ધુળસિંહ સોલકીની વિશેષ હાજરી રહી હતી. તેમણે ગામના વડીલો અને યુવાનો સાથે મળીને કાર્યક્રમની સફળતા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સંમેલનમાં મોટી સંખ્યામાં યુવાન મિત્રો જોડાયા હતા, જે દર્શાવે છે કે નવી પેઢીમાં પોતાની સંસ્કૃતિ પ્રત્યે ઊંડો આદર છે. વડીલોએ પણ પોતાના અનુભવો શેર કરી સમાજને નવી દિશા આપવાના પ્રયત્નો કર્યા હતા. ધુળસિંહ સોલકીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે, આવા સંમેલનો માત્ર ધાર્મિક હેતુ માટે જ નહીં, પરંતુ ગામમાં એકતા અને અખંડિતતા જળવાઈ રહે તે માટે પણ અનિવાર્ય છે. યુવાનોએ જય ઘોષ સાથે વાતાવરણ ગજવી દીધું હતું. કાર્યક્રમમાં ગામની સુખાકારી અને પ્રગતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ભૂંગળીયા ગામે આયોજિત આ વિરાટ સંમેલન પંથકમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. અંતમાં આયોજકો દ્વારા ઉપસ્થિત રહેલા તમામ વડીલો અને ભાઈઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયેલા આ સંમેલને ગ્રામીણ સ્તરે સંગઠનશક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.


રિપોર્ટ : દિપક પરમાર

## પોશીના: આશા સંમેલનમાં શ્રેષ્ઠ આશા બહેનોનું બહુમાન કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના સરહદી પોશીના તાલુકાના પાલીયાબીયા ગામ માટે ગૌરવપૂર્ણ સમાચાર આવ્યા છે. અહીં સ્થિત આયુષ્માન આરોગ્ય મંદિરને ભારત સરકારના નેશનલ હેલ્થ મિશન હેઠળ NQAS (National Quality Assurance Standards) પ્રમાણપત્રથી નવાજવામાં આવ્યું છે. ભૌગોલિક રીતે અત્યંત અંતરિયાળ વિસ્તારમાં હોવા છતાં, આ કેન્દ્રે વિવિધ ૧૨ આરોગ્ય સેવાઓના માનાંકમાં 94.53% ગુણ મેળવી રાષ્ટ્રીય કક્ષાએ પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે.

આ સફળતા પાલીયાબીયા આરોગ્ય ટીમની સતત મહેનત અને દર્દી-કેન્દ્રિત અભિગમનું પરિણામ છે. અહીં રસીકરણ, માતા-બાળ સુરક્ષા, લેબોરેટરી સેવાઓ અને દવાઓની સચોટ ઉપલબ્ધતા જેવી પાયાની સેવાઓ આંતરરાષ્ટ્રીય સ્તરના ધોરણો મુજબ પૂરી પાડવામાં આવે છે. સતત મોનીટરિંગ અને સુમેળભર્યા ટીમ વર્કને કારણે આ કેન્દ્ર હવે અન્ય વિસ્તારો માટે પ્રેરણારૂપ બન્યું છે. જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીએ આ પ્રસંગે સ્થાનિક ટીમની કામગીરીને બિરદાવતા કહ્યું હતું કે, અંતરિયાળ વિસ્તારમાં પણ માનાંક આધારિત સેવાઓ સફળતાપૂર્વક આપી શકાય છે તે આ કેન્દ્રે પુરવાર કર્યું છે. આ સિદ્ધિથી છેવાડાના વિસ્તારો સુધી ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પહોંચાડવાના સરકારના લક્ષ્યને નવું બળ મળ્યું છે. આ પ્રમાણપત્ર મળવાથી ગ્રામીણ નાગરિકોનો સરકારી આરોગ્ય સંસ્થાઓ પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત થશે.

**રિપોર્ટર :સંજીવકુમાર શર્મા**

## નેસવડ: ડીજે બંધ કરાવવાની અદાવતમાં યુવાન પર હુમલો

ભાવનગરના નેસવડ ગામે લગ્ન પ્રસંગમાં ડીજે બંધ કરાવવાની ખાર રાખીને એક યુવાન પર હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. વિજયભાઈ જગાભાઈ ડાભી નામના યુવાનના પરિવાર અને લાલજીભાઈ ડાભીના પરિવાર વચ્ચે એકબીજાના લગ્ન પ્રસંગોમાં પોલીસને ફોન કરી ડીજે બંધ કરાવવા મામલે છેલ્લા એક વર્ષથી તકરાર ચાલતી હતી. આ વિવાદનું સમાધાન ન થતા, ગતરોજ વહેલી સવારે વિજયભાઈ જ્યારે શાકભાજી ભરીને ચિત્રા યાર્ડ જઈ રહ્યા હતા, ત્યારે આરોપીઓએ દરિયાઈ વેણ પાસે વાહન રોકી દીધું હતું. લાલજી અને તેના કાકા ડીગા નારણભાઈએ લાકડી તથા લોખંડના સળિયા વડે હુમલો કરી ગાડીના કાચ ફોડી નાખ્યા હતા. આ હુમલામાં વિજયભાઈને ગંભીર ઈજાઓ અને આંગળીમાં ફેક્ચર થયું છે. આરોપીઓ ધમકી આપી ફરાર થઈ ગયા છે, જેની સામે વરતેજ પોલીસે ગુનો નોંધી તપાસ તેજ કરી છે.

## વીર માંધાતા સંગઠન દ્વારા 151 નવદંપતીઓના સમૂહ લગ્ન યોજાયા

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ગુજરાતમાં વીર માંધાતા કોળી સમાજ દ્વારા આયોજિત સામૂહિક લગ્ન કાર્યક્રમમાં હાજરી આપી હતી. રાજુભાઈ સોલંકી અને બ્રિજરાજ સોલંકી દ્વારા આયોજિત આ ૧૨મા સમૂહ લગ્નમાં ૧૫૧ યુગલોએ લગ્નગ્રંથિથી જોડાયા હતા.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, કોળી સમાજના બાળકો પ્રતિભાશાળી અને દેશભક્ત છે અને ગુજરાતના વિકાસમાં તેમનું મોટું યોગદાન છે. તેમણે રાજુભાઈ સોલંકી દ્વારા છેલ્લા ૧૨ વર્ષમાં ૨૦૦૦થી વધુ જોડીઓના લગ્ન કરાવવાના ભગીરથ કાર્યને અભિનંદન પાઠવ્યા હતા. ભગવંત માને પણ નવદંપતીઓને આશીર્વાદ આપતા કહ્યું કે, લોકોની ભલાઈ થાય તેવા સામાજિક કાર્યક્રમોમાં તેઓ ચોક્કસ હાજરી આપતા રહેશે. આ પ્રસંગે ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા, ઇસુદાન ગઢવી અને મનોજ સોરઠિયા સહિતના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ચિત્રા GIDCમાં વિકરાળ આગ, 11 ફાયર ફાઈટરોએ મેળવ્યો કાબૂ

ભાવનગર શહેરના ચિત્રા GIDC વિસ્તારમાં આજે વહેલી સવારે લાગેલી વિકરાળ આગને પગલે ભારે દોડધામ મચી ગઈ હતી. જે.કે. ટાયરના સ્ટોરેજ અને લક્ષ્મી ફરસાણના યુનિટમાં સવારે ૬ વાગ્યાના અરસામાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટનાની ગંભીરતાને જોઈને ચીફ ફાયર ઓફિસર પ્રદ્યુમનસિંહ જાડેજાએ તેને 'મેજર ફાયર' જાહેર કર્યો હતો.

પશ્ચિમ ઝોન, પૂર્વ ઝોન અને હેડક્વાર્ટરની કુલ ૧૧ ફાયર ગાડીઓ સ્થળ પર પહોંચી હતી. ટાયરના કારણે ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાતા હતા અને આગ ઝડપથી પ્રસરી રહી હતી. ૭૦ જેટલા ફાયર જવાનોએ સખત જહેમત ઉઠાવી ૨,૨૫,૦૦૦ લીટર પાણીનો છંટકાવ કર્યો હતો. અંદાજે સાડા ચાર કલાકના લાંબા ઓપરેશન બાદ સવારે ૧૧ વાગ્યાની આસપાસ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી શકાયો હતો. આ દુર્ઘટનામાં માલસામાનને મોટું નુકસાન થયું છે, પરંતુ સદનસીબે કોઈ જાનહાનિના સમાચાર નથી. હાલ તંત્ર દ્વારા આગ લાગવાના ચોક્કસ કારણો જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે.




# ચોટીલાથી દ્વારકાધીશના દર્શનાર્થે જોગી સમાજનો પદયાત્રા સંઘ રવાના

**દૈનિક પલ્સ સમાચાર:** હોળી અને ધુળેટી જેવા પવિત્ર તહેવારો હવે આંગણે છે, ત્યારે દ્વારકાધીશના દર્શન અને ફુલડોળ મહોત્સવનો લ્હાવો લેવા માટે રાજ્યભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ પદયાત્રા કરી રહ્યા છે. આ ભક્તિમય વાતાવરણ વચ્ચે ચોટીલામાં વસતા જોગી સમાજના યુવાનો દ્વારા પણ એક વિશાળ પદયાત્રા સંઘનું આયોજન કરી દ્વારકા તરફ પ્રસ્થાન કરવામાં આવ્યું છે. છેલ્લા પાંચ વર્ષથી સતત આ પરંપરા જાળવી રાખતા આ સંઘમાં આજે ૫૦થી વધુ શ્રદ્ધાળુઓ જોડાયા છે, જેમાં મહિલાઓની સંખ્યા પણ નોંધપાત્ર છે. આયોજક જલાભાઈ મોટીએ જણાવ્યું કે, અમારો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના લોકોને ધર્મ સાથે જોડવા અને સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવાનો છે. આ સંઘ માત્ર પદયાત્રા જ નથી કરતો, પરંતુ માર્ગમાં આવતા અન્ય પદયાત્રીઓ માટે ચા-પાણી, નાસ્તો અને વિશ્રામ જેવી સેવાઓ પણ પૂરી પાડે છે. ચોટીલા શહેરના લોકો માટે આ સંઘ પ્રેરણાનું કેન્દ્ર બન્યો છે. જ્યારે જોગી સમાજના ભાઈ-બહેનો પદયાત્રાએ નીકળે છે ત્યારે શહેરના અન્ય લોકો પણ તેમને સેવા પૂરી પાડવામાં ઉત્સાહપૂર્વક જોડાય છે. સંઘના સભ્યો દ્વારકાધીશના જયઘોષ સાથે ભક્તિભાવમાં મગ્ન થઈને રવાના થયા હતા. આગામી દિવસોમાં આ સંઘ દ્વારકા પહોંચશે અને ફુલડોળ ઉત્સવમાં સહભાગી થશે. યુવાનોના આ ભગીરથ કાર્યને સ્થાનિક અગ્રણીઓ અને સમાજના વડીલોએ બિરદાવીને ઉત્સાહ વધાર્યો હતો.


રિપોર્ટ : વિક્રમસિંહ જાડેજા

**હોળી-ધુળેટીના તહેવાર નિમિત્તે ચોટીલાના જોગી સમાજના યુવાનો દ્વારા દ્વારકા પદયાત્રા સંઘનું આયોજન કરવામાં આવ્યું છે. સતત પાંચમા વર્ષે યોજાયેલા આ સંઘમાં ૫૦થી વધુ પુરુષો અને મહિલાઓ દ્વારકાધીશના દર્શન માટે ઉમળકાભેર રવાના થયા હતા.**

# તલોદ પાસે રાજસ્થાનથી નડિયાદ લઈ જવાતો વિદેશી દારૂ ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** રાજ્યમાં પ્રોહિબિશનની કડક અમલવારી માટે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમો સક્રિય છે, ત્યારે સાબરકાંઠાના તલોદ પંથકમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. તલોદના પનાપૂર પાસે રોડ પરથી પસાર થતી એક લક્ઝુરિયસ કારમાં વિદેશી દારૂનો મોટો જથ્થો હોવાની બાતમી સ્ટેટ મોનિટરિંગ સેલને મળી હતી. બાતમીના આધારે પોલીસે વ્યૂહાત્મક રીતે વોચ ગોઠવી કારને અટકાવી હતી. કારની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી, કારણ કે કારમાં પૂરતી જગ્યાએ દારૂની બોટલો છુપાવવામાં આવી હતી. પોલીસે કુલ ૧૭૭૫ બોટલો જપ્ત કરી છે, જેની બજાર કિંમત રૂ. ૪.૯૪ લાખથી વધુ થાય છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ દારૂ રાજસ્થાનની સરહદેથી ભરીને નડિયાદ પહોંચાડવાનો હતો. પોલીસે રૂ. ૫ લાખની કાર અને મોબાઈલ મળી કુલ ૧૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ પ્રકરણમાં પોલીસે કારચાલકની અટકાયત કરી છે અને તેની પૂછપરછના આધારે આ નેટવર્કમાં સામેલ અન્ય ૫ શખ્સોના નામ પણ ખુલ્યા છે. આમ, કુલ ૬ વ્યક્તિઓ વિરુદ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસ હવે એ તપાસ કરી રહી છે કે આ દારૂ નડિયાદમાં કોને પહોંચાડવાનો હતો અને આ અગાઉ આ જ પદ્ધતિથી કેટલી વાર હેરાફેરી કરવામાં આવી હતી. દારૂબંધીના ભંગ બદલ કડક કાર્યવાહીના આદેશો સાથે આગળની તપાસ તેજ કરવામાં આવી છે.



રિપોર્ટ : જનક જાદવ

**ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પાડોશી રાજ્ય રાજસ્થાનમાંથી દારૂ ઘુસાડવાના પ્રયાસો યથાવત છે. સાબરકાંઠાના તલોદ તાલુકાના પનાપૂર ગામ પાસે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવીને એક શંકાસ્પદ કારને આંતરી હતી. તપાસ દરમિયાન કારમાંથી રૂ. ૪.૯૪ લાખની કિંમતની ૧૭૭૫ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પ્રાથમિક તપાસમાં આ જથ્થો રાજસ્થાનથી નડિયાદ લઈ જવામાં આવી રહ્યો હોવાનું ખુલ્યું છે. પોલીસે દારૂ, કાર અને મોબાઈલ મળી કુલ ૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ૬ લોકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.**

# સુરત: સરકારી શાળામાં બાળકો પાસે મજૂરી, શિક્ષણ સમિતિની તપાસ

## સુરતની સરકારી શાળામાં બાળકો પાસે સફાઈ કરાવતા વીડિયોથી વિવાદ



**દૈનિક પલ્સ સમાચાર:** સુરત શહેરની એક સરકારી શાળામાંથી શિક્ષણ જગતને શરમાવે તેવા દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાઇરલ થયા છે. જે બાળકો ઉજ્જવળ ભવિષ્યના સપના સાથે શાળાએ જાય છે, તેમની પાસે સફાઈ કામદારો જેવી મજૂરી કરાવવામાં આવતી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. વાઇરલ થયેલા વીડિયોમાં નાના ભૂલકાઓ શાળાના પટાંગણમાં ઝાડુ લગાવતા અને લોખંડની ગ્રીલ સાફ કરતા નજરે પડે છે. આ ઘટનાને લઈને સ્થાનિકો અને વાલીઓમાં વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે શાળાના આચાર્યએ લૂલો બચાવ કરતા જણાવ્યું કે, તેમનો ઉદ્દેશ્ય બાળકો પાસે મજૂરી કરાવવાનો નહીં પણ માત્ર સ્વચ્છતા પ્રત્યે સભાનતા લાવવાનો હતો. જોકે, આ ખુલાસો વાલીઓને ગળે ઉતર્યો નથી. વાલીઓનું કહેવું છે કે જો જાગૃતિ લાવવી હોય તો તેના માટે અન્ય શૈક્ષણિક રીતો છે, બાળકોને તડકામાં સફાઈ કામ સોંપવું તે યોગ્ય નથી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ રાજેન્દ્ર કાપડિયાએ આ ઘટનાની ગંભીરતાને જોતા તત્કાલ તપાસના આદેશ આપ્યા છે. તેમણે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, "આ બાબત અત્યંત અયોગ્ય છે. સર્વ શિક્ષા અભિયાન હેઠળ દરેક શાળાને જાળવણી અને સફાઈ માટે વર્ષ દરમિયાન પૂરતી ગ્રાન્ટ આપવામાં આવે છે. તાજેતરમાં જ વિશેષ સફાઈ ગ્રાન્ટ પણ જાહેર કરવામાં આવી છે. આમ છતાં વિદ્યાર્થીઓ પાસે કામ કરાવવું એ નિયમોનું સરેઆમ ઉલ્લંઘન છે." શિક્ષણ સમિતિ દ્વારા નિરીક્ષકોની એક વિશેષ ટીમ તૈયાર કરવામાં આવી છે જે શાળા પર જઈને વિગતવાર અહેવાલ તૈયાર કરશે. આ રિપોર્ટના આધારે જવાબદાર આચાર્ય અને શિક્ષકો સામે કડક શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે. વધુમાં, સુરત શહેરની તમામ સરકારી શાળાઓ માટે એક નવો પરિપત્ર જાહેર કરવામાં આવશે, જેમાં સ્પષ્ટ સૂચના અપાશે કે કોઈપણ સંજોગોમાં શૈક્ષણિક પ્રવૃત્તિ સિવાય બાળકો પાસે અન્ય કોઈ કામ કરાવી શકાશે નહીં. આ કડક પગલાંનો હેતુ ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન અટકાવવાનો છે.

**સુરતમાં વિદ્યાર્થીઓ પાસે ભણતરના બદલે મજૂરી કરાવવાની ઘટના સામે આવી છે. વાઇરલ વીડિયોમાં બાળકો શાળાના મેદાન અને ગ્રિલ સાફ કરતા દેખાયા હતા. આચાર્યએ તેને સ્વચ્છતા જાગૃતિનો ભાગ ગણાવ્યો છે, પરંતુ શિક્ષણ સમિતિએ તેને નિયમોનું ઉલ્લંઘન ગણાવ્યું છે. સમિતિના અધ્યક્ષ રાજેન્દ્ર કાપડિયાએ જણાવ્યું કે સફાઈ માટે પૂરતી ગ્રાન્ટ અપાય છે, છતાં બાળકો પાસે કામ કરાવવું અયોગ્ય છે. આ મામલે તપાસ કરી દોષિતો સામે શિક્ષાત્મક પગલાં લેવાશે.**

# પોશીના તાલુકા વિકાસ અધિકારીની બદલી બાદ ભ્રષ્ટાચારની ઓડિયો વાયરલ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં તાલુકા વિકાસ અધિકારી કવિતા મહેશ્વરીની બદલી અને ત્યારબાદ વાયરલ થયેલી ઓડિયો ક્લિપે ભ્રષ્ટાચારના અનેક રહસ્યો પરથી પડદો ઉઠાવ્યો છે. કવિતા મહેશ્વરીની બદલી મદદનીશ અધિકારી તરીકે ડાંગ જિલ્લામાં કરવામાં આવી છે, પરંતુ તેમના જવાથી પોશીના તાલુકા પંચાયતમાં ચાલતી કમિશન પ્રથાનો પર્દાફાશ થયો છે. એક જાગૃત નાગરિક દ્વારા સોશિયલ મીડિયામાં વાયરલ કરાયેલી આ ક્લિપમાં લાખો રૂપિયાના ભ્રષ્ટાચારની કબૂલાત જેવી વાતો સંભળાય છે.
ઓડિયો ક્લિપમાં ૩ કરોડના વિકાસલક્ષી કામોમાં ૧૫ લાખ રૂપિયાના કમિશનની ગણતરી કરવામાં આવી રહી છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ ઓડિયોમાં જિલ્લા કક્ષાના ઉચ્ચ અધિકારીઓનું નામ પણ સંડોવવામાં આવ્યું છે, જે સૂચવે છે કે ભ્રષ્ટાચારના મૂળિયાં ઘણા ઊંડા હોઈ શકે છે. ક્લિપમાં અધિકારી સ્પષ્ટપણે કહી રહ્યા છે કે જો તેમની બદલી કરવામાં આવશે તો તે અન્ય સંડોવાયેલા તમામ લોકો માટે મુશ્કેલી ઊભી કરશે. આ ઘટનાને પગલે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લોકોમાં આશ્ચર્ય અને આક્રોશ ફેલાયો છે. વિકાસના નામે આવતા નાણાંનો કેવી રીતે બંદોબસ્ત કરવામાં આવે છે તે આ ક્લિપ દ્વારા જગજાહેર થયું છે. જનતા હવે માંગ કરી રહી છે કે માત્ર બદલી કરીને સંતોષ ન માનતા, આ સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને આર્થિક ગેરરીતિમાં સામેલ તમામ કર્મચારીઓ અને અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી તેમને સજા ફટકારવામાં આવે.


રિપોર્ટ : જનક જાદવ




# નાના રાજકોટ મર્ડર કેસમાં આરોપીઓને આજીવન કેદ અને દંડ

**દૈનિક પલ્સ સમાચાર:** અમરેલી જિલ્લા પોલીસની કામગીરી અને ન્યાયતંત્રની સજાગતાને કારણે લીલીયા તાલુકાના નાના રાજકોટમાં બનેલા લૂંટ અને હત્યાના ગંભીર ગુનામાં આરોપીઓને તેમના અંતિમ અંજામ સુધી પહોંચાડવામાં આવ્યા છે. સાવરકુંડલાની એડિશનલ સેશન્સ કોર્ટે આ કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપતા ત્રણ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે.
આરોપીઓ ટીપુ કનુભાઈ બામણીયા, પ્રકાશ ગુરુજી રાવત અને પુનો સવલા ગણવા દ્વારા કરવામાં આવેલી લૂંટ અને મર્ડરની ઘટનાએ પંથકમાં ચકચાર મચાવી હતી. આ કેસની તપાસમાં પીએસઆઈ એમ.ડી. ગોહિલ અને તેમની ટીમે રાત-દિવસ મહેનત કરી સચોટ પુરાવા એકત્ર કર્યા હતા. ખાસ કરીને એ.જી. શિયાળ અને આર.કે. સિસારાએ આ સમગ્ર પ્રક્રિયામાં ટેકનિકલ અને કાયદાકીય દસ્તાવેજીકરણ (રાઈટર તરીકે) ની જવાબદારી કુશળતાપૂર્વક નિભાવી હતી.
કોર્ટમાં ટ્રાયલ દરમિયાન સરકારી વકીલ (PP) એફ.વાય. મુસાનીએ આરોપીઓની ક્રૂરતા અને ગુનાની ગંભીરતાને અનુલક્ષીને ધારદાર દલીલો કરી હતી. તેમણે કોર્ટને જણાવ્યું કે આવા ગંભીર ગુનાઓમાં દયાની કોઈ જગ્યા નથી. તપાસ અધિકારીના પુરાવા અને વકીલની દલીલોને ગ્રાહ્ય રાખીને નામદાર એડિશનલ સેશન્સ જજે ત્રણેય આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે. આ સાથે દરેક આરોપી પર કરવામાં આવેલા દંડની કુલ રકમ ૪,૫૦,૦૦૦ રૂપિયા થાય છે.
આ ચુકાદો માત્ર પીડિત પરિવાર માટે ન્યાય નથી, પરંતુ કાયદાનું શાસન સ્થાપિત કરનારો સાબિત થયો છે. અમરેલી જિલ્લા પોલીસની આ સફળતાથી વહીવટી તંત્ર અને ન્યાયતંત્ર પર લોકોનો વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે. પોલીસ અધિકારીઓ અને વકીલની આ ટીમવર્કને કારણે જટિલ કેસમાં પણ આરોપીઓને સજા અપાવવામાં સફળતા મળી છે. સમાજમાં ગુનાખોરી ડામવા માટે આ પ્રકારના દાખલારૂપ ચુકાદા અત્યંત જરૂરી છે. **રિપોર્ટ : મનીષ રામાણી**


PSI એમ.ડી.ગોહીલ | AHC એ.જી.શિયાળ (રાઈટર) | APC આર.કે.સિસારા (રાઈટર) | PP એફ.વાય.મુસાની




# સાબરકાંઠા: ડમ્પરો પર ગ્રીન નેટનો આદેશ, પણ ઓવરલોડનું શું?

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્રએ ખનીજ ચોરી અને પરિવહનમાં થતી બેદરકારી રોકવાને બદલે માત્ર ગ્રીન નેટના આદેશ આપીને સંતોષ માન્યો છે. જિલ્લામાં ૩૦૦૦ જેટલા ડમ્પરો પર ગ્રીન નેટ ફરજિયાત કરી તંત્ર પોતાની પીઠ થાબડી રહ્યું છે, પરંતુ વાસ્તવિકતા અત્યંત ભયાનક છે. હિંમતનગર, પ્રાંતિજ, તલોદ અને મોડાસા સહિતના વિસ્તારોમાં હજુ પણ પૂરપાટ ઝડપે અને ક્ષમતા કરતા વધુ વજન ભરીને ડમ્પરો માર્ગો પર કહેર વર્તાવી રહ્યા છે. તંત્રની લાપરવાહીને કારણે રસ્તાઓ પર રેતી-કપચી ઢોળાતા અનેક વાહનચાલકો ફસડાઈ પડ્યા છે અને ગંભીર ઈજાઓ પામ્યા છે. રસ્તાઓ અને પુલોને નુકસાન પહોંચાડતા ઓવરલોડ વાહનો સામે પગલાં લેવામાં આરટીઓ અને પોલીસ વિભાગ હમેશા નિષ્ફળ અને લાપરવાહ સાબિત થયા છે. હવે જ્યારે ગ્રીન નેટનો આદેશ આવ્યો છે ત્યારે લોકો આશ્ચર્ય અનુભવી રહ્યા છે કે, જે તંત્ર ઓવરલોડિંગ જેવી મોટી ગેરરીતિ નથી અટકાવી શકતું તે આ નાનકડા આદેશનો અમલ ક્યાં સુધી કરાવી શકશે? શું આ માત્ર હંગામી નાટક છે કે પછી ખરેખર જનતાની સુરક્ષાની ચિંતા છે? ખનીજ માફિયાઓના આતંક સામે લાચાર તંત્ર ક્યારે જાગશે તે સૌથી મોટો સવાલ છે.


રિપોર્ટ : જનક જાદવ

**સાબરકાંઠામાં ખનીજ માફિયાઓના પૂરપાટ દોડતા ૩૦૦૦ ડમ્પરો પર તંત્રએ ગ્રીન નેટ તો ફરજિયાત કરી, પણ ઓવરલોડ અને જીવલેણ ઝડપ સામે આંખ આડા કાન કર્યા છે. માત્ર નેટ લગાવી દેવાથી શું જનતાનો જીવ જોખમમાં મુકાતો અટકશે?**

# ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ લોક દરબાર યોજી પ્રશ્નોનું નિરાકરણ કર્યું

**દૈનિક પલ્સ સમાચાર:** અમરેલી જિલ્લાના લાઠી ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના જનસંપર્ક કાર્યાલય 'સમર્પણ' ખાતે આજે લોક દરબારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય તરીકે ચૂંટાયા બાદ જનકભાઈ સતત લોકોની વચ્ચે રહીને તેમના પ્રશ્નો ઉકેલવા માટે જાણીતા છે, ત્યારે આ લોક દરબારમાં પણ અનેક ગામોના લોકો પોતાની સમસ્યાઓ સાથે પહોંચ્યા હતા. કાર્યક્રમમાં કોટડાપીઠા ગામના પ્રતિનિધિ તરીકે પ્રફુલ ગજેરાએ હાજર રહીને ગામના માર્ગો, ગટર વ્યવસ્થા અને પાણીની પાઈપલાઈન સંબંધિત અનેક પ્રશ્નો ધારાસભ્ય સમક્ષ રજૂ કર્યા હતા. લોકોએ પોતાની પાયાની સુવિધાઓ જેવી કે વીજળીના પ્રશ્નો, શિક્ષણની વ્યવસ્થા અને પંચાયત હસ્તકના કામોમાં થતી ઢીલ અંગે રજૂઆતો કરી હતી. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ તમામ રજૂઆતોને ગંભીરતાથી નોંધી હતી. તેમણે સ્થળ પર હાજર રહેલા અથવા ટેલિફોનિક સંપર્ક દ્વારા વિવિધ સરકારી વિભાગના અધિકારીઓને તાકીદ કરી હતી કે લોકોની અરજીઓ પર ત્વરિત કાર્યવાહી કરવામાં આવે. ધારાસભ્યએ જણાવ્યું હતું કે સરકારની યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચવો જોઈએ અને જાહેર સુવિધાઓમાં કોઈ પણ પ્રકારની કચાસ ચલાવી લેવાશે નહીં. લોક દરબારમાં ધારાસભ્યનો અભિગમ અત્યંત સકારાત્મક રહ્યો હતો, જેના કારણે રજૂઆત કરવા આવેલા લોકોએ આશ્વાસન અનુભવ્યું હતું. આગામી દિવસોમાં પણ આવા લોક દરબારો દ્વારા જનતાની સમસ્યાઓ ઉકેલવામાં આવશે તેવી ખાતરી તેમણે આપી હતી.


રિપોર્ટ : મનીષ રામાણી

# ધર્મકુળ પરિવાર વડતાલ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે મહા રક્તદાન કેમ્પ યોજાયો

## ઈશ્વરીયા: ભાવિ આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજીએ કર્યું રક્તદાન

**દૈનિક પલ્સ સમાચાર:** વડતાલ ધર્મકુળ પરિવાર દ્વારા ૨૨ ફેબ્રુઆરીના રોજ માનવતાનું એક અનોખું ઉદાહરણ પૂરું પાડતા આંતરરાષ્ટ્રીશ સ્તરે ‘મહા રક્તદાન કેમ્પ’નું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિશ્વર પ.પુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશિષથી અને પ.પુ. ભાવિ આચાર્ય શ્રી ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની સીધી નિશ્રામાં આ અભિયાન કેન્સર પીડિત દર્દીઓની સારવારમાં મદદરૂપ થવા માટે શરૂ કરાયું હતું. આ આયોજન ભારત ઉપરાંત વિશ્વના અન્ય ૭ દેશોમાં ફેલાયેલા સ્વામિનારાયણ સત્સંગ સમાજ દ્વારા એકસાથે કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાના ઈશ્વરીયા ગામે નૂતન સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો, જેની સાથે જ આ રક્તદાન કેમ્પમાં ભક્તિ અને સેવાનો અદભૂત સંગમ જોવા મળ્યો હતો. ભાવિ આચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજે પોતે રક્તદાન કરીને હજારો હરિભક્તોને સંદેશ આપ્યો કે રક્તદાન એ જ ખરા અર્થમાં મહાદાન છે. તેમની સાથે પુજ્ય અ.સૌ. ગાદીવાળા માતૃશ્રીની આજ્ઞાથી પુજ્ય બહેન શ્રી બચુબાશ્રીએ પણ સ્વયં રક્તદાન કર્યું હતું, જેનાથી પ્રેરાઈને મોટી સંખ્યામાં મહિલા હરિભક્તોએ પણ આ કેમ્પમાં ભાગ લીધો હતો. આ મહોત્સવમાં સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાએ ખાસ હાજરી આપી હતી અને ધર્મકુળ પરિવાર દ્વારા થતી આવી સામાજિક પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી. મંત્રી કૌશિકભાઈ વેકરીયા અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ પણ શાસ્ત્રોક્ત પદ્ધતિએ સંપન્ન થઈ હતી. ઈશ્વરીયા ગામે યોજાયેલા આ દ્વિદિવસીય કાર્યક્રમમાં હજારો ભક્તો ઉમટી પડ્યા હતા અને રક્તદાન જેવી પવિત્ર પ્રવૃત્તિમાં જોડાઈને પુણ્યનું ભાથું બાંધ્યું હતું. ધર્મકુળ પરિવારના આ ભગીરથ પ્રયાસને કારણે એકત્ર થયેલું રક્ત કેન્સર હોસ્પિટલોમાં જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે પૂરું પાડવામાં આવશે. આ કાર્યક્રમ માત્ર ધાર્મિક ઉત્સવ જ નહીં પણ માનવતાનો મહોત્સવ બની રહ્યો હતો.


રિપોર્ટ : મનસુખ વાળા

**વડતાલ પીઠાધિશ્વર આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદથી ધર્મકુળ પરિવાર દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે મહા રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું. કેન્સર પીડિતોની સહાય માટે ભારત અને અન્ય ૭ દેશોમાં યોજાયેલા આ અભિયાન અંતર્ગત અમરેલીના ઈશ્વરીયા ગામે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે વિશેષ કેમ્પ યોજાયો હતો. જેમાં પ.પુ. ભાવિ આચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ અને પુજ્ય બચુબાશ્રીએ પોતે રક્તદાન કરી ભક્તોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા અને મંત્રી કૌશિકભાઈ વેકરીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.**

# બોટાદમાં પત્રકાર એકતા પરિષદ દ્વારા વીમા પોલિસી અને કાર્ડ વિતરણ

**દૈનિક પલ્સ સમાચાર:** બોટાદ જિલ્લામાં પત્રકારોની સુરક્ષા અને એકતાને વધુ મજબૂત કરવાના હેતુથી પત્રકાર એકતા પરિષદ દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. રાજ્યભરમાં હજારો સભ્યો ધરાવતા આ સંગઠન દ્વારા બોટાદના ૪૦ સક્રિય પત્રકારોને ૧૦ લાખ રૂપિયાનું જીવન વીમા કવચ આપવાનો નિર્ણય લેવાયો હતો. આ પોલિસી અને સંગઠનના નવા ઓળખકાર્ડ વિતરણ માટે સર્કિટ હાઉસ ખાતે એક ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત પત્રકાર એકતા પરિષદના અધ્યક્ષ લાભુભાઈ કાત્રોડિયા અને બોટાદ જિલ્લાના ઇન્ચાર્જ એસ.પી. મહર્ષિ રાવળ સાહેબ ખાસ હાજર રહ્યા હતા. ઇન્ચાર્જ એસ.પી.એ પોતાના સંબોધનમાં પત્રકારિતાને લોકશાહીનો મજબૂત આધાર સ્તંભ ગણાવ્યો હતો અને પત્રકારો દ્વારા કરવામાં આવતી જોખમી કામગીરીને બિરદાવી હતી. તેમણે ઉમેર્યું કે પત્રકારો ઘણીવાર અંતરિયાળ વિસ્તારોમાં જોખમ ખેડીને વાસ્તવિકતા બહાર લાવતા હોય છે, ત્યારે તેમના પરિવારની ચિંતા કરી વીમા કવચ આપવું એ સંગઠનનું ઉમદા કાર્ય છે. અધ્યક્ષ લાભુભાઈ કાત્રોડિયાએ સંગઠનની કામગીરી પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે ગુજરાતના ખૂણે ખૂણે પત્રકારો આ પરિષદમાં જોડાયેલા છે. વીમા કવચથી પત્રકારોના પરિવારને સુરક્ષા મળશે અને તેઓ નિશ્ચિંત થઈને પોતાની ફરજ બજાવી શકશે. કાર્યક્રમના અંતે અન્ય બાકી રહેલા પત્રકારોને પણ આ સંગઠનમાં જોડાઈને પોતાના પરિવારની સુરક્ષા સુનિશ્ચિત કરવા આહવાન કરવામાં આવ્યું હતું.



રિપોર્ટ : મનસુખ વાળા




# બિલખા: નશામાં ક્રેટા ચલાવતા જૂનાગઢના શખ્સની અટકાયત

**દૈનિક પલ્સ સમાચાર:** બોટાદ જિલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા રાજકીય ગરમાવો વધારતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. દિલ્હીમાં ભારત મંડપમ ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય AI સમિટમાં રાહુલ ગાંધી અને કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓને ભાજપે ગંભીરતાથી લીધી છે. ભાજપના મતે, કોંગ્રેસના નેતાઓએ દેશને હાસ્યસ્પદ કહીને ફરી એકવાર પોતાની દેશ વિરોધી માનસિકતાનો પરિચય આપ્યો છે.

આ ઘટનાના વિરોધમાં બોટાદમાં યુવા મોરચા દ્વારા એક પદયાત્રાનું આયોજન કરી દેખાવો કરવામાં આવ્યા હતા. આ વિરોધ પ્રદર્શન ગઢડા રોડ સ્થિત ભાજપના મુખ્ય કાર્યાલયથી શરૂ થઈને કોંગ્રેસના જિલ્લા કાર્યાલય સુધી પહોંચ્યું હતું. પદયાત્રા દરમિયાન કાર્યકરોએ પ્લેકાર્ડ્સ અને સૂત્રોચ્ચાર દ્વારા પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. ભાજપના નેતાઓએ જણાવ્યું હતું કે, જ્યારે દેશ ટેકનોલોજી અને AI ના ક્ષેત્રમાં આગળ વધી રહ્યો છે ત્યારે કોંગ્રેસ દેશનું અપમાન કરવામાં વ્યસ્ત છે.

આ વિરોધ કાર્યક્રમમાં બોટાદ જિલ્લા ભાજપ સંગઠન, શહેર સંગઠન અને વિવિધ મોરચાના પ્રમુખો તેમજ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યકરોએ જણાવ્યું હતું કે રાષ્ટ્રનું અપમાન કરનાર કોઈપણ નિવેદન સહન કરવામાં આવશે નહીં. પદયાત્રામાં યુવા મોરચાના કાર્યકર્તાઓની મોટી સંખ્યા જોવા મળી હતી, જેમણે કોંગ્રેસ કાર્યાલય પાસે પહોંચીને પ્રતીકાત્મક વિરોધ દર્શાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે પરંતુ આક્રમક તેવર સાથે સંપન્ન થયો હતો.



રિપોર્ટ : મનસુખ વાળા

# આણંદ: કુલરના બોક્સ પાછળ છુપાવેલ 53.99 લાખનો દારૂ જપ્ત

આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે દારૂની હેરાફેરી માટે અપનાવાયેલી નવી તરકીબનો પર્દાફાશ કર્યો છે. ઉમરેઠ-આણંદ હાઈવે પર એર કુલરના બોક્સની આડમાં લઈ જવાતો લાખોનો વિદેશી દારૂ ઝડપી લેવામાં આવ્યો છે. એલ.સી.બી.ની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે મેવાત હોટલ પાસે વોચ ગોઠવીને હરિયાણા પાસિંગના અશોક લેલન કન્ટેનરને અટકાવવામાં આવ્યું હતું.

પ્રારંભિક તપાસમાં કન્ટેનરમાં એર કુલરના બોક્સ દેખાયા હતા, પરંતુ ઊંડાણપૂર્વક તપાસ કરતા તેની પાછળ સંતાડેલી વિદેશી દારૂની ૧૮૫ પેટીઓ મળી આવી હતી. પોલીસે રૂ. ૨૫.૯૨ લાખની કિંમતની ૬૬૦૦ દારૂની બોટલો, ૧૭ લાખનું કન્ટેનર અને ૧૦.૯૨ લાખના એર કુલર મળી કુલ રૂ. ૫૩,૯૯,૧૭૮/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં હરિયાણાના તારીફ નામના આરોપીની ધરપકડ કરાઈ છે, જ્યારે સાબિર નામના અન્ય એક શખ્સને વોન્ટેડ જાહેર કરાયો છે. આ સફળ કામગીરી એલ.સી.બી. પી.આઈ. એચ.આર. બ્રહ્મભટ્ટ અને તેમની ટીમે પાર પાડી હતી.

સમાચાર તથા જાહેરાત આપવા સંપર્ક કરો : ૯૯૦૯૯૧૧૧૭૫

# સરોડા ગામે ક્ષત્રિય ઠાકોર સમાજનો ૨૪મો સમૂહ લગ્ન મહોત્સવ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સરોડા ગામના આંગણે ક્ષત્રિય ઠાકોર સમાજનો એકતા મહોત્સવ જોવા મળ્યો હતો. ધોળકા-બાવળા ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા આયોજિત ૨૪મા સમૂહ લગ્નોત્સવમાં ૨૧ નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ધાર્મિક વાતાવરણમાં મંત્રોચ્ચાર અને વડીલોના આશીર્વાદ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે સમૂહ લગ્ન સમિતિના પ્રમુખ સુરસંગભાઈ ઠાકોરે સમાજમાં વ્યાપ્ત ખોટા ખર્ચ અને દેખાડા સામે લાલબત્તી ધરી હતી. તેમણે જણાવ્યું કે સમૂહ લગ્ન એ માત્ર ખર્ચ બચાવવાનો માર્ગ નથી, પરંતુ તે જ્ઞાતિમાં એકતા અને સમાનતા લાવવાનું સશક્ત માધ્યમ છે. સમાજે વ્યસનો અને જુના કુરીવાજો ત્યજીને નવી પેઢીના શિક્ષણ અને ઉત્થાન માટે કામ કરવું જોઈએ. આ કાર્યક્રમમાં સાધુ-સંતોએ ઉપસ્થિત રહી ૨૧ યુગલોને સુખી અને સમૃદ્ધ જીવનના આશીર્વાદ પાઠવ્યા હતા. સરોડા ગામે યોજાયેલા આ પ્રસંગમાં અનેક દાતાઓએ આગળ આવીને સહયોગ આપ્યો હતો, જેની મદદથી નવદંપતીઓને જરૂરી ચીજવસ્તુઓ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી. સમાજના આગેવાનોએ આ સફળ આયોજન બદલ કાર્યકરોની પ્રશંસા કરી હતી. આ ૨૪મો પાટોત્સવ/લગ્નોત્સવ સાબિત કરે છે કે ઠાકોર સમાજ હવે જાગૃતિ તરફ આગળ વધી રહ્યો છે અને સામાજિક બદલાવને સ્વીકારી રહ્યો છે.


રિપોર્ટ : ભાવેશ રાઠોડ

# ધાનપુરમાં ધારાસભ્ય બચુભાઈ ખાબડના હસ્તે ખેતીના આધુનિક સાધનોનું વિતરણ

**દૈનિક પલ્સ સમાચાર:** ધાનપુર તાલુકામાં આજે કૃષિ ક્રાંતિની દિશામાં એક મહત્વનું ડગલું ભરતા ટી.એ.એસ.પી (Tribal Area Sub Plan) યોજના હેઠળ લાભાર્થી ખેડૂતોને વિવિધ કૃષિ યંત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ધારાસભ્ય બચુભાઈ ખાબડના હસ્તે ખેડૂતોને ચાફ્ટ કટર (ઘાસ કાપવાનું મશીન) અને બ્રશ કટર અર્પણ કરવામાં આવ્યા હતા. ધારાસભ્ય બચુભાઈ ખાબડે જણાવ્યું કે, આદિવાસી ખેડૂતો આર્થિક રીતે સધ્ધર બને તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ચાફ્ટ કટર અને બ્રશ કટર જેવા સાધનો માત્ર ખેતીની પ્રક્રિયાને સરળ નથી બનાવતા, પરંતુ તે ખેડૂતોના મજૂરી ખર્ચ અને સમયની પણ બચત કરે છે. ખાસ કરીને પશુપાલન સાથે સંકળાયેલા ખેડૂતો માટે આ સાધનો ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થશે. કાર્યક્રમ દરમિયાન સંબંધિત વિભાગના અધિકારીઓએ ખેડૂતોને આ સાધનોના યોગ્ય ઉપયોગ અને જાળવણી વિશે સમજણ આપી હતી. સાથોસાથ સરકારની અન્ય ખેડૂતલક્ષી યોજનાઓનો મહત્તમ લાભ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. લાભાર્થી ખેડૂતોએ આ સહાય મળતા સરકાર અને ધારાસભ્યનો આભાર માન્યો હતો. મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતો અને સ્થાનિક આગેવાનોએ આ પહેલને બિરદાવી હતી, જે આગામી સમયમાં ખેતીના આધુનિકીકરણમાં મોટી ભૂમિકા ભજવશે.


રીપોર્ટ : નરેન્દ્રસિંહ ચૌહાણ

**ધાનપુર તાલુકામાં ટી.એ.એસ.પી યોજના હેઠળ ખેડૂતોને ચાફ્ટ કટર અને બ્રશ કટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય બચુભાઈ ખાબડની ઉપસ્થિતિમાં આ સાધનો અર્પણ કરાયા હતા, જે ખેડૂતોની ખેતીમાં મજૂરી ખર્ચ ઘટાડી આવક વધારવામાં મદદરૂપ થશે.**

# બોરસદના ઉમલાવ ગામે સેવા સેતુ 2.0 યોજાયો: અનેક પ્રશ્નોનો નિકાલ

## બોરસદના ઉમલાવ ગામે સેવા સેતુ ૨.૦ કાર્યક્રમ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** બોરસદ તાલુકાના ઉમલાવ ગામે 'સેવા સેતુ 2.0' ના માધ્યમથી વહીવટી પ્રક્રિયાને વધુ સરળ અને લોકાભિમુખ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ભવ્ય કાર્યક્રમનો શુભારંભ રાજ્યના કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકીએ દીપ પ્રાગટ્ય કરીને કર્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ સરકારના સેવા સેતુ અભિગમની વિશેષતા સમજાવતા કહ્યું કે, લોકોએ સરકારી કચેરીએ જવાની જરૂર નથી, પરંતુ કચેરી પોતે લોકોના આંગણે આવી છે. કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ મિહિરભાઈ પટેલ, પ્રાંત અધિકારી અમિતભાઈ, મામલતદાર મયુરભાઈ અને એપીએમસી (APMC) ના અગ્રણીઓ યોગેશભાઈ તથા હિતેષભાઈ સહિતના મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. ઉમલાવ અને આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ઉમટી પડેલા નાગરિકો માટે વિવિધ વિભાગોના સ્ટોલ કાર્યરત કરવામાં આવ્યા હતા. આ સેવા સેતુમાં જમીનના રેકોર્ડમાં રહેલી ભૂલો સુધારવી, વારસાઈ નોંધ દાખલ કરવી, અને સમાજ સુરક્ષા હેઠળની પેન્શન યોજનાઓ જેવી બાબતોનો સ્થળ પર જ નિકાલ કરાયો હતો. વિશેષ રૂપે, આરોગ્ય વિભાગ દ્વારા ૭૦ વર્ષથી વધુ વયના નાગરિકો માટે આયુષ્યમાન વય વંદના કાર્ડ બનાવવાની ઝુંબેશ હાથ ધરાઈ હતી. આ ઉપરાંત, રેશનકાર્ડ ધારકો માટે e-KYC અને પીએમ કિસાન (PM-Kisan) યોજના હેઠળ ફાર્મર રજીસ્ટ્રેશનની સુવિધા પણ ઉપલબ્ધ હતી. મંત્રી અને અધિકારીઓએ લાભાર્થીઓને યોજનાકીય મંજૂરીના હુકમો અને કાર્ડ્સનું વિતરણ કર્યું હતું. કિસાન મોરચાના પ્રમુખ દત્તેશભાઈ અને ઉમલાવના સરપંચ દિવ્યેશભાઈએ આ આયોજનને ઐતિહાસિક ગણાવીને તંત્રનો આભાર માન્યો હતો. અધિકારીઓએ અરજીઓ સ્વીકારીને ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ લાવવા સૂચનાઓ આપી હતી. ગ્રામજનોએ જણાવ્યું કે સામાન્ય રીતે જે કામો માટે કચેરીઓના ચક્કર લગાવવા પડતા હતા, તે કામો અહીં થોડી જ મિનિટોમાં પૂર્ણ થયા છે. 'સેવા સેતુ 2.0' ના આ સફળ આયોજનથી ઉમલાવ પંથકમાં ખુશીનો માહોલ છે અને સરકારની વહીવટી કાર્યક્ષમતાની લોકોમાં વ્યાપક પ્રશંસા થઈ રહી છે.



**બોરસદના ઉમલાવ ગામે નાગરિકોના પ્રશ્નોના સ્થળ પર નિકાલ માટે 'સેવા સેતુ 2.0' કાર્યક્રમ યોજાયો હતો. રાજ્યના કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકીએ કાર્યક્રમનો શુભારંભ કરાવતા સરકારની લોકાભિમુખ કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ, પ્રાંત અધિકારી અને મામલતદાર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ૭૦ વર્ષથી વધુ વયના નાગરિકો માટે આયુષ્યમાન વય વંદના કાર્ડ, વારસાઈ નોંધ અને રેશનકાર્ડમાં સુધારા જેવી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. મોટી સંખ્યામાં લોકોએ આ સુવિધાનો લાભ લઈ હાશકારો અનુભવ્યો હતો.**

# શિલ ગામે સંગેસરિંયા બાપાના તૃતીય પાટોત્સવનુ ભવ્ય આયોજન કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** માંગરોળ તાલુકાના શિલ ગામે સામાજિક અને આધ્યાત્મિક ક્ષેત્રે અનોખું સ્થાન ધરાવતા શ્રી સંગેસરિયા બાપા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી ૨૩ માર્ચ ૨૦૨૬, સોમવારના રોજ તૃતીય વાર્ષિક પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ભુવા આતા શ્રી મનાભાઈ ભરડાના માર્ગદર્શન હેઠળ યોજાનારા આ મહોત્સવમાં સવારે ૭:૦૦ કલાકે મંદિર પર ધ્વજારોહણ અને ૭:૩૦ કલાકે ત્રણ કુંડી યજ્ઞનો પ્રારંભ થશે. ૧૧:૦૦ કલાકે સંતો-મહંતોની ઉપસ્થિતિમાં ધર્મસભા યોજાશે અને ૧૨:૩૦ કલાકે સમૂહ ભોજનનું આયોજન છે. રાત્રે ૧૦:૦૦ વાગ્યે સંતવાણી કાર્યક્રમથી ઉત્સવની પૂર્ણાહુતિ થશે.

આ ઉત્સવમાં પોરબંદર જિલ્લા કોળી સમાજના પ્રમુખ લીલાભાઈ ડાકી, ધારાસભ્ય દેવાભાઈ માલમ, સાંસદ રાજેશભાઈ ચુડાસમા સહિતના અનેક રાજકીય નેતાઓ અને સમાજ શ્રેષ્ઠીઓ હાજરી આપશે. ભાર્ગવભાઈ પુરોહિતના આચાર્યપદે બ્રાહ્મણો દ્વારા યજ્ઞમાં આહુતિઓ આપવામાં આવશે. ટ્રસ્ટ દ્વારા મુંબઈ અને વિદેશથી આવતા યાત્રાળુઓ માટે આવાસ અને ભોજનની આધુનિક સુવિધાઓ તૈયાર કરવામાં આવી છે. મંદિર પાસે આવેલું રાજાશાહી તળાવ પ્રવાસીઓ માટે બ્યુટિફિકેશન કાર્યને લીધે નવું નજરાણું બનશે. સોમનાથ-દ્વારકા જતા પ્રવાસીઓ માટે અહીં નિઃશુલ્ક આવાસની સુવિધા પણ ઉપલબ્ધ છે. યજ્ઞમાં જોડાવા ઈચ્છતા ભક્તોએ ૧૧ માર્ચ ૨૦૨૬ સુધીમાં સંપર્ક સાધવા જણાવાયું છે. આ મહોત્સવને સફળ બનાવવા રાજાભાઈ ભરડા અને યુવા ટીમ જહેમત ઉઠાવી રહી છે.



રિપોર્ટ : હર્ષ ભરડા




## આણંદમાં એસટી બસો માથાનો દુખાવો: મુસાફરોમાં ભારે રોષ


આણંદ જિલ્લામાં એસ.ટી. નિગમની બેદરકારીને કારણે મુસાફરો અને વિદ્યાર્થીઓ ભારે હાલાકીનો ભોગ બની રહ્યા છે. જિલ્લાના બોરસદ, આણંદ, પેટલાદ અને ખંભાત ડેપોમાં ચાલતી બસોમાંથી ૪૦ ટકા બસો જૂની અને ખખડધજ હાલતમાં છે. આ ટેકનિકલ ખામી ધરાવતી બસો વારંવાર જાહેર માર્ગો પર બંધ પડી જાય છે. છેલ્લા એક સપ્તાહમાં જ ચાર વખત એસ.ટી. બસો રસ્તામાં ખોટકાઈ હોવાની વિગતો સામે આવી છે. તાજેતરમાં જ બોરસદ ડેપોની એક બસ મુસાફરો ભરીને આણંદ આવી રહી હતી ત્યારે આણંદ ચોકડી પાસે અચાનક ટેકનિકલ કારણોસર બંધ પડી ગઈ હતી. બસના ટાયરો થંભી જતા તેમાં સવાર ૪૦ જેટલા મુસાફરો અને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અટવાઈ પડ્યા હતા. વિદ્યાર્થીઓને પરીક્ષા કે લેક્ચર માટે પહોંચવામાં મોડું થતા અને અન્ય મુસાફરોને પોતાના કામકાજ પર પહોંચવા માટે ફરજિયાત ખાનગી વાહનોમાં મુસાફરી કરવાની નોબત આવી હતી. એસ.ટી. તંત્ર દ્વારા નવી બસો ફાળવવામાં ન આવતા અને જૂની બસોનું યોગ્ય મેન્ટેનન્સ ન થતા લોકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

## ખંભાત: તૂટેલા ગટરના ઢાંકણાથી અકસ્માતનો ભય, પાલિકા મૌન

ખંભાત શહેરમાં રેલ્વે સ્ટેશન પાસે બ્રિજ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, જેના કારણે રેલ્વે સ્ટેશનથી આકૃતિ નગર તરફ જતાં માર્ગ પર ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. નોંધનીય છે કે આ માર્ગ તાજેતરમાં જ સીસી રોડ બનાવીને તૈયાર કરવામાં આવ્યો હતો. પરંતુ, ડાયવર્ઝનના કારણે આ માર્ગ પર વાહનોનો ભાર વધતા જ પાલિકાની તકલાદી કામગીરીની પોલ ખુલી ગઈ છે. રસ્તા પર આવેલા ગટરના ઢાંકણા ગુણવત્તા વગરના હોવાથી ઠેર-ઠેર તૂટી ગયા છે. રસ્તાની વચ્ચે પડેલા આ ખાડાઓ અને તૂટેલા ઢાંકણા અકસ્માતને આમંત્રણ આપી રહ્યા છે. ખાસ કરીને રાત્રિના સમયે અંધારામાં ટુ-વ્હીલર ચાલકો કે રાહદારીઓને આ તૂટેલા ઢાંકણા દેખાતા નથી, જેના કારણે વાહનો ગટરમાં ખાબકવાની ભીતિ રહે છે. સ્થાનિક રહીશો દ્વારા પાલિકા તંત્રને આ બાબતે વારંવાર મૌખિક અને લેખિત રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ સત્તાધીશો દ્વારા હજુ સુધી કોઈ જ સુધારાત્મક પગલાં લેવામાં આવ્યા નથી. તંત્રની આ લાપરવાહીથી લોકોમાં ભારે આક્રોશ ફેલાયો છે

## આણંદ: દૂષિત પાણીનો પ્રશ્ન ઉકેલાયો, હવે વધુ પાણીની માંગ

આણંદ શહેરના ગામડી રોડ પર આવેલા નવા કબ્રસ્તાન વિસ્તારના રહીશોને દૂષિત પાણીમાંથી મુક્તિ મળી છે. મનપા હસ્તકનો વોટર વર્કસનો બોર અત્યંત જૂનો હોવાથી છેલ્લા એક માસથી રેતીવાળું અને ગંદુ પાણી આવતું હતું. આ બાબતે પૂર્વ કાઉન્સિલર નઝમાબેન પઠાણ સહિતના રહીશોએ મનપા કમિશ્નરને રજૂઆત કરી હતી. કમિશ્નરના આદેશથી તંત્રએ યુદ્ધના ધોરણે નવો બોર કાર્યરત કરી શુદ્ધ પાણીનું વિતરણ શરૂ કર્યું છે. જોકે, હાલ પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો હોવાથી રહીશોની મુશ્કેલી હજુ સંપૂર્ણ ટળી નથી. વિસ્તારમાં પાણીની ટાંકીના અભાવે પ્રેશર ઓછું રહે છે, જેથી ૪૦થી વધુ સોસાયટીના લોકોને પૂરતું પાણી મળતું નથી. રહીશોએ માંગ કરી છે કે હાલના બે સમયના વિતરણ ઉપરાંત દિવસ દરમિયાન વધુ ૩ કલાક પાણી આપવામાં આવે તો ઉનાળા અને રમઝાન માસમાં પડતી હાલાકી દૂર થઈ શકે તેમ છે.




# માંગરોળની સ્વરાની બેવડી સિદ્ધિ: CET પરીક્ષા અને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ

**દૈનિક પલ્સ સમાચાર:** માંગરોળની વતની અને હાલ રાજુલામાં સ્થાયી થયેલા શિક્ષક દંપતી દેવાંશકુમાર અને શીલાબેન કરગઠિયાની પુત્રી સ્વરાએ પોતાની બૌદ્ધિક ક્ષમતાનો પરિચય આપતા બેવડી સિદ્ધિ હાંસલ કરી છે. ધોરણ ૫ માં અભ્યાસ કરતી આ નાની વયની દીકરીએ CET પરીક્ષામાં ૧૨૦ માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. તેની આ સિદ્ધિ તેને ગુજરાતની શ્રેષ્ઠ પ્રતિભાઓની યાદીમાં ૧ થી ૩૧૩ ક્રમાંકની વચ્ચે અને કન્યાઓના વિભાગમાં ૧ થી ૧૦૦ ની વચ્ચે લઈ ગઈ છે. રાજુલા તાલુકામાં દ્વિતીય અને અમરેલી જિલ્લામાં ટોપ-૧૦ માં સ્થાન મેળવી તેણે શૈક્ષણિક ક્ષેત્રે વતનનું ગૌરવ વધાર્યું છે. બીજી તરફ, સ્વરાએ સંસ્કૃત ભાષા અને સંસ્કારો પ્રત્યેનો પ્રેમ પણ પ્રદર્શિત કર્યો છે. BAPS સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આયોજિત ઐતિહાસિક મુખપાઠ કાર્યક્રમમાં તેણે ૩૧૫ સંસ્કૃત શ્લોકો અસ્ખલિત રીતે બોલી બતાવ્યા હતા. ફેબ્રુઆરી ૨૦૨૬ માં રચાયેલા આ વિશ્વ રેકોર્ડની નોંધ ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં લેવામાં આવી છે. આમ, સ્વરા એક તરફ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહી છે અને બીજી તરફ ગિનિસ રેકોર્ડ હોલ્ડર બનીને વિશ્વ સ્તરે ચમકી છે. સ્વરાની આ ડબલ સફળતાથી માંગરોળ અને રાજુલા પંથકમાં ખુશીનો માહોલ છે. પરિવારજનો, શિક્ષકો અને સમાજના અગ્રણીઓએ તેને આવનારી ઉજ્જવળ કારકિર્દી માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. સ્વરાએ સાબિત કર્યું છે કે જો યોગ્ય માર્ગદર્શન અને લગન હોય તો નાની ઉંમરે પણ મોટી સિદ્ધિઓ મેળવી શકાય છે.



રિપોર્ટ : હર્ષ ભરડા

**માંગરોળની સ્વરા કરગઠિયાએ એક જ મહિનામાં બેવડી સિદ્ધિ મેળવી છે. તેણે CET પરીક્ષામાં ૧૨૦ માંથી ૧૦૦ ગુણ મેળવી તાલુકામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. ઉપરાંત, BAPS ના સંસ્કૃત શ્લોક મુખપાઠમાં ભાગ લઈને ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં પણ સ્થાન મેળવ્યું છે.**

# અમરેલીમાં જય ભગીરથ યંગ ટ્રસ્ટ દ્વારા ૩૮ નવદંપતિઓના સમૂહ લગ્ન યોજાયા

**દૈનિક પલ્સ સમાચાર:** અમરેલી શહેરના આંગણે જય ભગીરથ યંગ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા એક પ્રેરણાદાયી સામાજિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ યોજાયેલા આ ત્રીજા સમૂહ લગ્નોત્સવમાં સગર સમાજના ૩૮ જેટલા નવદંપતિઓએ હર્ષોલ્લાસ સાથે નવજીવનની શરૂઆત કરી હતી. ટ્રસ્ટના આયોજનનો મુખ્ય હેતુ એવા પરિવારોને મદદ કરવાનો છે જેઓ આજના આધુનિક અને ખર્ચાળ સમયમાં લગ્નનો ભાર વહન કરવામાં અસમર્થ હોય. આ મંગલ અવસરે ટ્રસ્ટના હોદ્દેદારોમાં પ્રમુખ દિલીપભાઈ ભેશાણીયા, ઉપપ્રમુખ રસિકભાઈ પાથર સહિતના અગ્રણીઓએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ટ્રસ્ટીગણ રાજેશભાઈ તેજાણી, કલ્પેશભાઈ ધંધુકિયા અને દીપકભાઈ બુટાણીએ આ પ્રસંગને સફળ બનાવવા માટે તમામ કાર્યકરો અને દાતાઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. સમાજના વડીલો અને અગ્રણીઓની હાજરીએ નવયુગલોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. સમૂહ લગ્નોત્સવમાં માત્ર લગ્ન જ નહીં, પરંતુ સામાજિક સમરસતાના પાઠ પણ શીખવવામાં આવ્યા હતા. દરેક નવદંપતીને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ભેટ સ્વરૂપે આપીને વિદાય કરવામાં આવ્યા હતા. અમરેલી પંથકમાં જય ભગીરથ યંગ ચેરિટેબલ ટ્રસ્ટની આ સેવાકીય પ્રવૃત્તિની ચારેકોર પ્રશંસા થઈ રહી છે.




રિપોર્ટ : આશીષ વસાવડા

**અમરેલીમાં ૨૨ ફેબ્રુઆરીના રોજ જય ભગીરથ યંગ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ત્રીજો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ મંગલ પ્રસંગે ૩૮ નવદંપતિઓએ સમાજના વડીલોના આશીર્વાદ સાથે પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. ટ્રસ્ટ દ્વારા મધ્યમ વર્ગના પરિવારોને મદદરૂપ થવાના ઉમદા હેતુથી આ આયોજન કરાયું હતું.**

# સ્માર્ટ મીટર લગાવવા ફરજિયાત હોવાનો કોઈ કાયદો કે કોર્ટનો હુકમ નથી

## સ્માર્ટ મીટર લગાવવા ફરજિયાત નથી: RTI માં થયો મોટો ખુલાસો

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા અને અરવલ્લી સહિત સમગ્ર ગુજરાતમાં સ્માર્ટ મીટરને લઈને ચાલી રહેલા વિવાદમાં એક મોટો વળાંક આવ્યો છે. વીજ કંપનીઓ દ્વારા સ્માર્ટ મીટર નાખવાની કામગીરીને લઈને જનતામાં જે આક્રોશ હતો, તેને હવે કાયદાકીય પીઠબળ મળ્યું હોય તેવું જણાય છે. પોરબંદરના રાણાવાવના એક અરજદારે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) પાસે RTI દ્વારા માહિતી માંગતા ચોંકાવનારી વિગતો બહાર આવી છે. RTI ના જવાબ મુજબ, સ્માર્ટ મીટર લગાવવા ફરજિયાત છે તેવો કોઈ કાયદો કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા ઘડવામાં આવ્યો નથી. એટલું જ નહીં, દેશની સુપ્રીમ કોર્ટ કે રાજ્યની હાઈકોર્ટ દ્વારા પણ આવો કોઈ ચુકાદો આપવામાં આવ્યો નથી કે ગ્રાહકોએ ફરજિયાતપણે જૂના મીટર હટાવી નવા સ્માર્ટ મીટર લગાવવા જ પડશે. અત્યાર સુધી વીજ કર્મચારીઓ કાયદાનો ડર બતાવીને કે સરકારી આદેશનું બહાનું ધરીને ગ્રાહકોના ઘરે સ્માર્ટ મીટર ફીટ કરી રહ્યા હતા, પરંતુ હવે આ સત્યતા સામે આવતા વીજ કર્મચારીઓની 'દાદાગીરી' પર બ્રેક વાગે તેવી શક્યતા છે.

ગ્રાહકોનો મુખ્ય વિરોધ એ છે કે સ્માર્ટ મીટર આવ્યા પછી વીજ બિલમાં અચાનક મોટો ઉછાળો જોવા મળ્યો છે. રોજના ૩૦૦ રૂપિયા કમાતા શ્રમિકોને હજારો રૂપિયાના બિલ આવતા તેમના માટે ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે. RTI માં એ પણ સ્પષ્ટ થયું છે કે જો જૂનું મીટર કોઈ વિવાદ વગર અને નિયમિત રીતે ચાલુ હોય, તો તેને બદલવા માટે વીજ કંપની ગ્રાહક પર દબાણ કરી શકે નહીં. આ માહિતી સોશિયલ મીડિયા પર વાયરલ થતા વીજ ગ્રાહકોમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હવે ગ્રાહકો જાગૃત થયા છે અને પોતાની સંમતિ વિના સ્માર્ટ મીટર લગાવવા દેવા માટે તૈયાર નથી. આગામી દિવસોમાં વીજ કંપનીઓએ આ મામલે ફેરવિચારણા કરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.


રિપોર્ટ : જનક જાદવ

**ગુજરાતભરમાં વીજ કંપનીઓ દ્વારા સ્માર્ટ મીટર નાખવાની કામગીરી સામે ગ્રાહકોનો ભારે આક્રોશ છે. ગરીબ પરિવારોને આવતા મસમોટા બિલને કારણે વિરોધ વંટોળ વ્યાપ્યો છે. આ દરમિયાન પોરબંદરના એક જાગૃત નાગરિકે કરેલી RTI ના જવાબમાં વીજ કંપનીએ સ્વીકાર્યું છે કે સ્માર્ટ મીટર લગાવવું ફરજિયાત હોય તેવો કોઈ કાયદો કે કોર્ટનો હુકમ અસ્તિત્વમાં નથી. જૂનું મીટર જો વ્યવસ્થિત ચાલતું હોય તો તેને બદલવાનો કોઈ કાયદાકીય આગ્રહ રાખી શકાય નહીં. આ માહિતી વાયરલ થતા હવે વીજ કર્મચારીઓની જોહુકમી સામે ગ્રાહકો અવાજ ઉઠાવી રહ્યા છે.**

# વિસાવદરના સરસઈ ગામે NSUI ની રજૂઆત બાદ ધ્રાફડ નદી પર બ્રીજનું કામ શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** બીલખા પંથકના વિસાવદર તાલુકાના સરસઈ ગામે ધ્રાફડ નદી પર લાંબા સમયથી બંધ પડેલા બ્રીજના કામમાં અંતે ગતિ આવી છે. અગાઉ કામ રાખનાર એજન્સીએ કામ પડતું મુકતા ગ્રામજનો હેરાન-પરેશાન થઈ રહ્યા હતા. આ મુદ્દે કોંગ્રેસની યુથ વિંગ NSUI ના પ્રમુખ મયુરભાઈ સાવલીયા અને તેમની ટીમે આંદોલનાત્મક અને લેખિત રજૂઆતોનો માર્ગ અપનાવ્યો હતો. તેમની સતત રજૂઆતોને પગલે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓએ આ બાબતને ગંભીરતાથી લઈ ટેકનિકલ અડચણો દૂર કરી હતી. ડેપ્યુટી એન્જિનિયરની સક્રિયતાથી આ કામ ફરી શરૂ થતા જ ગ્રામજનો અને NSUI ના કાર્યકરોએ સામુહિક રીતે ખુશી વ્યક્ત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, જગપ્રસિદ્ધ પવિત્ર યાત્રાધામ સતાધાર જવા માટે આ એક મહત્વનો માર્ગ છે. ચોમાસા દરમિયાન જ્યારે ધ્રાફડ નદીમાં પૂર આવે ત્યારે આસપાસના ગામોનો સંપર્ક તૂટી જતો હતો અને લોકોએ ભારે હાલાકી વેઠવી પડતી હતી. હવે આ ભવ્ય બ્રીજ તૈયાર થઈ જવાથી મુસાફરી સલામત અને સરળ બનશે. NSUI ની ટીમે તંત્રના અધિકારીઓનો સહકાર આપવા બદલ આભાર માન્યો હતો. આ કામગીરીથી સ્થાનિક લોકોમાં "અંત ભલા તો સબ ભલા" જેવો ઘાટ જોવા મળી રહ્યો છે.



રિપોર્ટ : આશીષ વસાવડા.




## સુરતની 2 કરોડની લૂંટનો આરોપી 4 વર્ષે આણંદથી ઝડપાયો

વડોદરા ક્રાઇમ બ્રાન્ચે સુરતના ચકચારી બે કરોડના લૂંટ કેસના નાસતા ફરતા આરોપીને આણંદમાંથી શોધી કાઢ્યો છે. વર્ષ ૨૦૨૨માં સુરતના વરાછામાં સેન્ટ્રલ બજાર ખાતે આવેલી એક આંગડિયા પેઢીમાં આ લૂંટ ચલાવવામાં આવી હતી. આરોપી સમીર વોરા અને તેની ટોળકીએ ફરિયાદીને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરી મોટો નફો મેળવવાની લાલચ આપી હતી. ફરિયાદી જ્યારે બે કરોડ રૂપિયા રોકડ લઈને પહોંચ્યા ત્યારે આરોપીઓએ રકમ ટ્રાન્સફર કરવાને બદલે મારામારી કરી લૂંટ ચલાવી હતી.


ઘટના બાદ આરોપી વડોદરાનું પોતાનું ઘર છોડી આણંદમાં છુપાઈને રહેતો હતો. વડોદરા ક્રાઇમ બ્રાન્ચની ટીમે હ્યુમન સોર્સ અને ટેકનિકલ વિગતોના આધારે આણંદમાં સતત વોચ ગોઠવી હતી અને આખરે આરોપીને ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ પોતાની સંડોવણી સ્વીકારતા વડોદરા પોલીસે સુરત ક્રાઇમ બ્રાન્ચને જાણ કરી હતી. ચાર વર્ષ બાદ આ મુખ્ય આરોપી પકડાતા સુરત પોલીસ હવે લૂંટના નાણાં અને અન્ય સાથીદારો અંગે ઉંડી તપાસ શરૂ કરશે.

## અમન પટેલ: પામોલનું ગૌરવ અને ઇસરોમાં ઇન્ટર્નશિપ

બોરસદ તાલુકાના પામોલ ગામના વતની અમન પ્રદીપકુમાર પટેલે વિદ્યાનગરની ખ્યાતનામ સંસ્થા BVM (બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય) માંથી બી.ટેક કોમ્પ્યુટર એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. તેમની આ અસાધારણ સફળતાથી પામોલ ગામ અને સત્તર ગામ પાટીદાર સમાજમાં આનંદની લહેર વ્યાપી ગઈ છે. અમનની પ્રતિભાને કારણે તેમને અભ્યાસકાળ દરમિયાન ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO) માં ઇન્ટર્નશિપ કરવાનો પણ લ્હાવો મળ્યો હતો.અમન પટેલ માત્ર અભ્યાસમાં જ નહીં, પરંતુ નવી ટેકનોલોજીના સંશોધનમાં પણ વિશેષ રસ ધરાવે છે. હાલ તેઓ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને મશીન લર્નિંગ (ML) જેવા આધુનિક વિષયો પર ઊંડાણપૂર્વક કાર્ય કરી રહ્યા છે. ભવિષ્યમાં તેઓ IIT જેવી દેશની સર્વોચ્ચ સંસ્થામાં માસ્ટર્સ કરી વૈશ્વિક સ્તરે ભારતનું નામ રોશન કરવા ઈચ્છે છે. આ સાથે જ તેઓ ગામના અન્ય વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે માર્ગદર્શન આપી રહ્યા છે, જે અન્ય યુવાનો માટે પણ પ્રેરણારૂપ બન્યું છે.

## ઉંદેલમાં ONGCના કૂવામાં ભીષણ આગ, ગેસ લીકેજની આશંકા

ખંભાત તાલુકાના ઉંદેલ ગામ નજીક આવેલા નારણપુરા કોઠીયા વિસ્તારમાં ONGC ના તેલના કૂવામાં ભીષણ આગ લાગતા અફરાતફરી મચી ગઈ છે. આ કૂવો અંદાજે ૬૦ વર્ષ જૂનો હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસ મુજબ, કૂવાના વાલ્વમાં ખામી સર્જાતા ગેસ લીકેજ થયો હતો, જે આગમાં પરિણમ્યો હતો. આગના ગોટા દૂર-દૂર સુધી દેખાતા સ્થાનિકોમાં ચિંતા વ્યાપી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ ખંભાત ફાયર બ્રિગેડ અને ONGC ની ઇમરજન્સી ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી. રહેણાંક વિસ્તાર નજીક હોવાથી પોલીસે સાવચેતીના પગલાં રૂપે લોકોને દૂર રાખ્યા છે. હાલમાં ONGC ની ટેકનિકલ ટીમ લીકેજને કાબૂમાં લેવા અને ફાયર ફાઈટરો આગ બુઝાવવા માટે સંયુક્ત ઓપરેશન ચલાવી રહ્યા છે.




# વાવના હિંગળાજ કોમ્પ્લેક્ષમાં શોર્ટ સર્કિટથી ઝેરોક્ષની દુકાન બળીને ખાખ થઈ

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠાના વાવ તાલુકા મથકે હિંગળાજ કોમ્પ્લેક્ષમાં લાગેલી આગે એક વેપારીની વર્ષોની મહેનત પર પાણી ફેરવી દીધું છે. પ્રવીણભાઈ મહારાજની માલિકીની ઝેરોક્ષની દુકાનમાં રાત્રિના સમયે શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. દુકાન બંધ હોવાના કારણે આગની જ્વાળાઓ અને ધુમાડો બહાર દેખાયો ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું. સ્થાનિક લોકોએ તાત્કાલિક દુકાનદાર અને ફાયર બ્રિગેડને આ અંગે જાણ કરી હતી.

આ આગ એટલી જોરદાર હતી કે દુકાનમાં રાખેલા હાઈ-ટેક કલર પ્રિન્ટર્સ, મોટા ઝેરોક્ષ મશીનો, કોમ્પ્યુટર સેટ અને અન્ય ઇલેક્ટ્રિકલ ઉપકરણો સંપૂર્ણપણે બળીને નષ્ટ થઈ ગયા છે. દુકાન માલિકના જણાવ્યા અનુસાર આ નુકસાનનો આંકડો ૨૦ લાખ રૂપિયા સુધી પહોંચ્યો છે. આજીવિકાના મુખ્ય સાધન સમાન મશીનો બળી જવાથી વેપારી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. ઘટનાની જાણ થતા જ થરાદ ફાયર સ્ટેશનની ટીમ ફાયર ફાઈટર સાથે વાવ પહોંચી હતી. ફાયર કર્મીઓએ ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો, જેના કારણે કોમ્પ્લેક્ષની અન્ય દુકાનો આગની ઝપેટમાં આવતા બચી ગઈ હતી. શોર્ટ સર્કિટને કારણે થયેલા આ અકસ્માતે ફરી એકવાર કોમ્પ્લેક્ષોમાં વીજ વાયરિંગ અને સેફ્ટીના સાધનોની જરૂરિયાત સામે સવાલ ઉભા કર્યા છે.


રિપોર્ટ : વશાભાઈ વાલડીયા

# થરાદ-લાખણી હાઈવે પર રાયડો ભરેલી ટ્રક પલટી, જાનહાનિ ટળી

**દૈનિક પલ્સ સમાચાર:** થરાદ-જેતડા-લાખણી હાઈવે પર આજે મુસાફરો અને વાહનચાલકોના જીવ તાળવે ચોંટ્યા હતા, જ્યારે રાયડો ભરેલી એક ટ્રક અચાનક પલટી મારી ગઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ વ્યક્તિને ગંભીર ઈજા કે જાનહાનિ થઈ નથી, જે એક ચમત્કાર સમાન છે. જોકે, આ અકસ્માતે હાઈવે ઓથોરિટી અને કોન્ટ્રાક્ટરની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ ચિન્હો લગાવી દીધા છે.

થરાદ-લાખણી માર્ગ પર લાંબા સમયથી રોડ બનાવવાનું કાર્ય ચાલી રહ્યું છે. પરંતુ આ કામગીરી અત્યંત ગોકળગતિએ થઈ રહી હોવાથી હાઈવે પર અકસ્માતનું જોખમ વધી રહ્યું છે. ડાયવર્ઝન અને અધૂરા રસ્તાઓને કારણે વારંવાર નાના-મોટા અકસ્માતો સર્જાય છે. આજની ટ્રક પલટી જવાની ઘટના પણ આ જ અસુવિધાનું પરિણામ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

વાહનચાલકોમાં આ ધીમી કામગીરીને લઈને સખત રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે ટેક્સ અને ટોલ આપવા છતાં યોગ્ય રસ્તા મળતા નથી અને ઉપરથી જીવનું જોખમ ખેડવું પડે છે. સ્થાનિક આગેવાનો અને રહીશોએ પણ તંત્રને ચીમકી આપી છે કે જો રોડ નિર્માણનું કાર્ય યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં નહીં આવે, તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.


રિપોર્ટ : વશાભાઈ વાલડીયા

**થરાદ-જેતડા-લાખણી હાઈવે પર રાયડો ભરેલી એક ટ્રક પલટી જવાની ઘટના બની છે. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, હાઈવે નિર્માણની ધીમી કામગીરીને કારણે વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને અકસ્માતોનો ભય વધ્યો છે.**

# ખંભાતના દહેડામાં જન કલ્યાણ ટ્રસ્ટ દ્વારા ૨૫ દીકરીઓના સમૂહલગ્ન યોજાયા

## ખંભાત: દહેડા ચોકડી પાસે 25 દીકરીઓના સમૂહલગ્ન સંપન્ન

**દૈનિક પલ્સ સમાચાર:** ખંભાતના દહેડા ચોકડી પાસે જન કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ લુણેજ દ્વારા ચોથા સમૂહલગ્ન ઉત્સવનું આયોજન અત્યંત હર્ષોલ્લાસ સાથે કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય ચિરાગ પટેલના સહયોગથી યોજાયેલા આ મંગલ પ્રસંગે વિવિધ જિલ્લાઓની ૨૫ ગરીબ અને મધ્યમ વર્ગની દીકરીઓએ વૈદિક મંત્રોચ્ચાર સાથે પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ પ્રસંગે સંતો-મહંતો, ભાજપ સંગઠન પ્રમુખ સાગર પટેલ અને અનેક સામાજિક અગ્રણીઓએ હાજરી આપી નવયુગલોને સુખી જીવનના આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ૨૫ દીકરીઓને પ્રોત્સાહિત કરવા માટે કુલ ૧૫ લાખ રૂપિયાનો કરિયાવર આપવામાં આવ્યો હતો. આ કરિયાવરમાં એલ.ઈ.ડી. ટીવી, સોફાસેટ, પલંગ, તિજોરી, રસોડા સેટ અને ઘરવખરીની તમામ આવશ્યક ચીજવસ્તુઓનો સમાવેશ થતો હતો. ધારાસભ્ય ચિરાગ પટેલે આ સેવાકીય કાર્યની પ્રશંસા કરતા કહ્યું કે, આવા સમૂહલગ્નોથી મધ્યમ વર્ગના પરિવારો પર આર્થિક બોજ ઘટશે. તેમણે સમાજને કુરિવાજો અને મોંઘા ખર્ચાઓથી દૂર રહીને દીકરા-દીકરીઓના શિક્ષણ પર ભાર મૂકવા અનુરોધ કર્યો હતો. જન કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ પ્રતાપસિંહ રાઠોડે ટ્રસ્ટની સફર વિશે જણાવતા કહ્યું કે, અગાઉના વર્ષોમાં પણ મોટી સંખ્યામાં દીકરીઓના લગ્ન કરાવાયા છે. આ આયોજનમાં સુરેન્દ્રનગર, બાવળા, તારાપુર અને ધોલેરા જેવા વિસ્તારોમાંથી આવતા ૭ હજારથી વધુ મહેમાનો માટે જમવાની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. સામાજિક સમરસતા અને સેવાના આ કાર્યને ગ્રામજનોએ પણ ખુબ બિરદાવ્યું હતું.



**ખંભાત તાલુકાના દહેડા ચોકડી પાસે જન કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ લુણેજ દ્વારા ભવ્ય સમૂહલગ્નનું આયોજન કરાયું હતું. ધારાસભ્ય ચિરાગ પટેલના સૌજન્યથી યોજાયેલા આ કાર્યક્રમમાં ૨૫ ગરીબ અને મધ્યમ વર્ગની દીકરીઓ લગ્નગ્રંથિથી જોડાઈ હતી. ટ્રસ્ટ દ્વારા દરેક દીકરીને એલ.ઈ.ડી. ટીવી, ફર્નિચર અને રસોડા સેટ સહિત કુલ ૧૫ લાખનો કરિયાવર અપાયો હતો. ધારાસભ્યશ્રીએ સમાજને કુરિવાજો ત્યજી શિક્ષણ અપનાવવા અપીલ કરી હતી. આ પ્રસંગે સાગર પટેલ સહિત અનેક રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા.**

# વડાલીમાં ક્ષત્રિય ઠાકોર યુવા સંગઠન દ્વારા વિદ્યાર્થીઓ માટે કીટ વિતરણ

**દૈનિક પલ્સ સમાચાર:** વડાલીના આંગણે ક્ષત્રિય ઠાકોર યુવા સંગઠન દ્વારા રવિવારના રોજ શૈક્ષણિક પ્રેરણા સ્ત્રોત સમાન કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૧૦ (SSC) અને ધોરણ ૧૨ (HSC) ના બોર્ડના વિદ્યાર્થીઓ પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ કરી શકે તે માટે તેમને આવશ્યક સ્ટેશનરી કીટ અને શુભેચ્છાઓ આપવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના બાળકો શિક્ષણ ક્ષેત્રે આગળ વધે અને તેમનો ઉત્સાહ જળવાઈ રહે તેવો હતો. આ પ્રસંગે નિવૃત્ત મામલતદાર શીવાભાઈ, નિવૃત્ત ફોરેસ્ટર રમેશભાઈ, સેનાભાઈ સાહેબ તેમજ સામાજિક આગેવાન તલજીભાઈએ હાજરી આપી બાળકોને આશીર્વચન પાઠવ્યા હતા. મહાનુભાવોએ જણાવ્યું હતું કે, પરીક્ષા એ માત્ર કસોટી નથી પણ પ્રગતિનું સોપાન છે. યુવા સંગઠન દ્વારા કરવામાં આવેલી આ પહેલથી ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને મોટો ટેકો મળ્યો છે. કાર્યક્રમમાં માત્ર વિદ્યાર્થીઓ જ નહીં, પણ મોટી સંખ્યામાં વાલીઓ પણ જોડાયા હતા, જેનાથી સામાજિક એકતાના દર્શન થયા હતા. વાલીઓએ યુવા સંગઠનની આ પ્રવૃત્તિને સાચા અર્થમાં સમાજ સેવા ગણાવી હતી. કીટ વિતરણની સાથે સાથે વિદ્યાર્થીઓને પરીક્ષાના ભયમાંથી મુક્ત થવાની ટીપ્સ પણ આપવામાં આવી હતી. વડાલી પંથકમાં ક્ષત્રિય ઠાકોર યુવા સંગઠનની આ કામગીરીની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે.


રિપોર્ટ : વિશાલ ચૌહાણ




# દાંતા અકસ્માત: કાળમુખી બાઈક ટક્કરમાં 4 જિંદગી હોમાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** દાંતાના જીતપુર પાસે આવેલ અડેરણ તરસંગ ગામના માર્ગો યુવાનોના લોહીથી ખરડાયા છે. સમી સાંજે સાત થી આઠ વાગ્યાના અરસામાં બે બાઈકો વચ્ચે થયેલી લોહિયાળ ટક્કરે ચાર પરિવારોના કુળદીપક બુઝાવી દીધા છે. આ અકસ્માતમાં બન્ને બાઈક પર સવાર કુલ ચાર લોકોમાંથી ત્રણના તો ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા, જ્યારે ગંભીર રીતે ઘાયલ એક યુવાનને સતલાસણા ખસેડાયો હતો પણ કુદરતને કંઈક બીજું જ મંજૂર હતું; ત્યાં તબીબોએ તેને પણ મૃત જાહેર કર્યો હતો. મૃતકોમાં થલવાડાના બે ભાઈઓ, એક રંગપુર અને એક ભાલુસણાના યુવાનનો સમાવેશ થાય છે. અકસ્માત સ્થળના દ્રશ્યો જોઈને કઠણ કાળજાના માણસની આંખમાં પણ આંસુ આવી જાય તેવા હતા. બાઈકના ટાયરો અને રીંગો તૂટીને ડૂચો થઈ ગઈ હતી. રસ્તા પર લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા અને વાતાવરણ ગમગીન બની ગયું હતું. સવાલ એ થાય છે કે રસ્તા પર યમરાજ બનીને ફરતા વાહનો પર લગામ ક્યારે લાગશે? શું આ યુવાનોના મોત માટે માત્ર નસીબ જવાબદાર છે કે પછી ખરાબ રસ્તા અને ટ્રાફિક નિયમોનો અભાવ? આ ઘટના પ્રશાસનની ઘોર બેદરકારીનું વરવું પરિણામ છે.


રિપોર્ટ : વિષ્ણુ ઠાકોર

**દાંતાના અડેરણ તરસંગ પાસે કાળમુખો અકસ્માત સર્જાયો છે. બે બાઈકો સામસામે ભટકાતા ૪ યુવાનોના કરૂણ મોત નીપજ્યા છે. રસ્તા પર લોહીના ખાબોચિયા અને બાઈકના ડૂચા જોતા હૃદય ધ્રૂજી ઉઠે તેવા દ્રશ્યો સર્જાયા છે. માર્ગ સુરક્ષાના દાવાઓ વચ્ચે વધુ ચાર જિંદગીઓ હોમાઈ ગઈ છે.**

# વિસાવદરમાં માવઠું: ખેડૂતોના તૈયાર પાક પર આફતનો વરસાદ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી વચ્ચે વિસાવદર પંથકમાં કુદરતનો કોપ વરસ્યો છે. આજે મોડી રાત્રે વિસાવદર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક વીજળીના કડાકા-ભડાકા સાથે કમોસમી વરસાદ તૂટી પડ્યો હતો. આ કમોસમી પલટાને કારણે સમગ્ર પંથકમાં ઠંડક તો પ્રસરી છે, પરંતુ ખેડૂતોની રાતની ઊંઘ હરામ થઈ ગઈ છે.

રવિ પાક જ્યારે ખેતરમાં લણણી માટે તૈયાર છે, ત્યારે આ વરસાદે પાક પર પાણી ફેરવી દીધું છે. ઘઉં, જીરું, ધાણા અને ચણા જેવા મહત્વના પાકો જો પલળી જાય તો તેની ગુણવત્તા બગડી જાય છે અને બજારમાં યોગ્ય ભાવ મળતા નથી. માલધારીઓ માટે પણ આ વરસાદ મુસીબત લાવ્યો છે, કારણ કે પશુઓ માટેનો ઘાસચારો ખુલ્લામાં પલળી જવાથી હવે પશુ આહારનો પ્રશ્ન ઉભો થશે. માર્કેટિંગ યાર્ડોમાં રક્ષણના અભાવે ખેડૂતોનો માલ પલળી રહ્યો છે.

વિસાવદરના ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ વાદળછાયું વાતાવરણ યથાવત છે અને વધુ વરસાદની સંભાવનાને પગલે ખેડૂતો હવે ભગવાનને પ્રાર્થના કરી રહ્યા છે કે આ આફત જલ્દી ટળે. મધ્ય ફેબ્રુઆરીમાં થયેલું આ માવઠું ખેતીના અર્થતંત્રને મોટો ફટકો મારી શકે છે.

# ટેટોડામાં મંત્રી પ્રવીણભાઈ માળીની અધ્યક્ષતામાં કૃષિ મેળો અને પરિસંવાદ

**દૈનિક પલ્સ સમાચાર:** ટેટોડાના શ્રી રાજારામ ગૌ શાળા આશ્રમ ખાતે આજે કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ અને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું પ્રેરક આયોજન કરવામાં આવ્યું હતું. વન અને પર્યાવરણ મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ આ કાર્યક્રમની અધ્યક્ષતા કરતા જણાવ્યું હતું કે, માનવ જીવનને રોગમુક્ત રાખવા માટે પ્રાકૃતિક ખેતી હવે માત્ર પસંદગી નથી પરંતુ ફરજ બની ગઈ છે. રાસાયણિક ખેતીને કારણે જમીન અને માનવ સ્વાસ્થ્ય બંને જોખમાયા છે, ત્યારે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી જ આપણને બચાવી શકે તેમ છે. મંત્રીશ્રીએ ટેટોડામાં પ્રદર્શન સ્ટોલ્સની મુલાકાત લઈ ખેડૂતો દ્વારા તૈયાર કરાયેલા વિવિધ મોડલ્સની પ્રશંસા કરી હતી. તેમણે પાણીના સંરક્ષણ અંગે પણ ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે ભવિષ્યની પેઢીને જો સુરક્ષિત રાખવી હશે તો આપણે જળ અને જમીન બંનેનું જતન કરવું પડશે. સરકાર દ્વારા ઉત્તર ગુજરાતમાં નર્મદાના નીર પહોંચાડીને ખેતીને નવું બળ પૂરું પાડવામાં આવ્યું છે. આ પ્રસંગે ધારાસભ્ય માવજીભાઈ દેસાઈએ પણ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત કૃષિ વૈજ્ઞાનિકોએ ખેડૂતોને ઘનજીવામૃત અને બીજામૃત તૈયાર કરવાની ટેકનીક સમજાવી હતી. સફળતાપૂર્વક પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ પોતાના જાત અનુભવો શેર કરી અન્યને પ્રોત્સાહિત કર્યા હતા. આ મેળામાં આસપાસના ગામોના સરપંચો, ગૌશાળા સંચાલકો અને બહોળી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂતો સહભાગી થયા હતા.


રિપોર્ટ : વિશાલ ચૌહાણ

# બહેરામપુરામાં લોહિયાળ ખેલ: 18 વર્ષીય યુવક પર જીવલેણ હુમલો

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદનું બહેરામપુરા આજે લોહીના ડાઘાથી ખરડાયું છે. ગ્રીન કોર્સ સોસાયટી અને હીરાલક્ષ્મી ફ્લેટ પાસે બનેલી હૃદયદ્રાવક ઘટનાએ પોલીસની નિષ્ક્રિયતા પર અનેક સવાલો ઉભા કર્યા છે. ૧૮ વર્ષીય યુવક પર થયેલા આ ઘાતકી હુમલાએ સાબિત કરી દીધું છે કે શહેરમાં અસામાજિક તત્વોના મનસૂબા કેટલા બુલંદ છે. જે યુવકની હજુ જિંદગી શરૂ થઈ હતી, તેને મોત અને જિંદગી વચ્ચે ઝોલા ખાવા મજબૂર કરી દેવામાં આવ્યો છે. આ ઘટના પૂર્વ આયોજિત હતી કે આકસ્મિક, તે તો તપાસનો વિષય છે, પરંતુ પત્રકારત્વના દ્રષ્ટિકોણથી જોઈએ તો આ વરવી વાસ્તવિકતા છે કે અમદાવાદ હવે સુરક્ષિત નથી. ગ્રીન કોર્સ સોસાયટી જેવા રહેણાંક વિસ્તારોમાં જો ભયમુક્ત રહી શકાતું ન હોય, તો પોલીસ ચોકીઓનો શો અર્થ? હુમલાખોરો હુમલો કરીને આસાનીથી રફુચક્કર થઈ જાય છે અને પોલીસ માત્ર સીસીટીવી ફૂટેજ ફંફોસવામાં વ્યસ્ત રહે છે. જનતામાં અત્યારે ભારે રોષ અને નકારાત્મકતા વ્યાપેલી છે. લોકો પૂછી રહ્યા છે કે શું અમદાવાદમાં 'ગુંડા રાજ' પરત ફરી રહ્યું છે? ૧૮ વર્ષના છોકરા પર હુમલો કરવાની હીન માનસિકતા ધરાવતા નરાધમોને સમાજમાં રહેવાનો કોઈ હક નથી. આ કિસ્સો માત્ર એક ક્રાઈમ રિપોર્ટ નથી, પણ વહીવટી તંત્રના ગાલ પર એક જોરદાર તમાચો છે. જો પોલીસે સમયસર પેટ્રોલિંગ કર્યું હોત અથવા ગુનેગારોમાં કાયદાનો થોડો પણ ડર હોત, તો કદાચ આ યુવક લોહીલુહાણ હાલતમાં ન હોત. દૈનિક પલ્સ આ ઘટનાની સખત શબ્દોમાં નિંદા કરે છે અને માંગ કરે છે કે ગુનેગારોને પકડીને એવી સજા આપવામાં આવે જે દાખલારૂપ બને. શું પ્રશાસન આ આક્રોશને સાંભળશે કે પછી બીજી કોઈ લોહિયાળ ઘટનાની રાહ જોશે?


રિપોર્ટ : દિપેશ શ્રીમાળી

**અમદાવાદના બહેરામપુરામાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડ્યા છે. ગ્રીન કોર્સ સોસાયટી પાસે એક ૧૮ વર્ષીય માસૂમ યુવક પર નિર્મમ હુમલો કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં સન્નાટો વ્યાપી ગયો છે. ગુનેગારો બેફામ બન્યા છે અને સામાન્ય જનતા ભયના ઓથાર હેઠળ છે**

# થરાદમાં સમૂહ લગ્ન: શંકર ચૌધરીએ સાયન્સ સિટી બનાવવાની જાહેરાત કરી

## થરાદમાં સાયન્સ સિટી બનશે: વિધાનસભા અધ્યક્ષની જાહેરાત

**દૈનિક પલ્સ સમાચાર:** થરાદ ખાતે ગુરુ બ્રાહ્મણ સમાજ વિકાસ ટ્રસ્ટ દ્વારા આયોજિત પ્રથમ સમૂહ લગ્નોત્સવ અનેરો બની રહ્યો હતો. આ મંગલ અવસરે ૧૮ યુગલોએ વેદોક્ત મંત્રોચ્ચાર સાથે પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. કાર્યક્રમ માત્ર લગ્નોત્સવ ન બની રહેતા શૈક્ષણિક અને સામાજિક જાગૃતિનો મંચ બન્યો હતો. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ થરાદ વિસ્તારની વર્ષો જૂની માંગ અને જરૂરિયાતને ધ્યાને રાખી નવીન સાયન્સ સિટી સેન્ટર બનાવવાની જાહેરાત કરી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ કેન્દ્ર થરાદ-વાવના ગ્રામીણ બાળકો માટે વિજ્ઞાન અને ટેકનોલોજીના દ્વાર ખોલશે અને તેમને રાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધા કરવા તૈયાર કરશે.
શૈક્ષણિક જાહેરાતની સાથે સામાજિક શિસ્ત અંગે પણ મહત્વની ચર્ચાઓ થઈ હતી. ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ગૌતમ ગેડીયાએ તેમના સંબોધનમાં આજના આધુનિક સમયની સૌથી મોટી સમસ્યા એટલે કે 'મોબાઈલ એડિક્શન' પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે નવદંપતીઓને ખાસ સલાહ આપી હતી કે સોશિયલ મીડિયાની આભાસી દુનિયાથી દૂર રહીને વાસ્તવિક સંબંધોને મજબૂત બનાવવા જોઈએ. ગેડીયાએ ચોંકાવનારી વિગત આપતા કહ્યું કે મોબાઈલના કારણે પરિવારમાં ક્લેશ વધે છે જે અંતે છૂટાછેડામાં પરિણમે છે. તેમણે નવવધૂઓને પોતાના સાસરી પક્ષ અને પતિ સાથે સુમેળ સાધવા માટે મોબાઈલના ઉપયોગ પર મર્યાદા રાખવા અનુરોધ કર્યો હતો. આ સમૂહ લગ્નોત્સવમાં ગુરુ બ્રાહ્મણ સમાજના અગ્રણીઓ, વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના ટ્રસ્ટીઓ અને રાજકીય આગેવાનોએ હાજરી આપી હતી. સમૂહ લગ્ન દ્વારા થતા ખોટા ખર્ચ પર અંકુશ અને સમાજની એકતાના દર્શન અહીં જોવા મળ્યા હતા. શંકર ચૌધરીની જાહેરાતથી સમગ્ર પંથકમાં હર્ષની લાગણી ફેલાઈ છે, તો ગૌતમ ગેડીયાની શિખામણ યુવા પેઢી માટે મનન કરવા જેવી બની રહી છે. આ આયોજનને સફળ બનાવવા માટે ટ્રસ્ટના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.



**થરાદ ખાતે ગુરુ બ્રાહ્મણ સમાજ વિકાસ ટ્રસ્ટ દ્વારા આયોજિત પ્રથમ સમૂહ લગ્નોત્સવમાં ૧૮ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ થરાદ પંથકના બાળકો માટે સાયન્સ સિટી સેન્ટર બનાવવાની મોટી જાહેરાત કરી હતી. તેમણે ઉમેર્યું કે આગામી બજેટમાં આ માટે જોગવાઈ કરવામાં આવશે. બીજી તરફ, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ગૌતમ ગેડીયાએ સોશિયલ મીડિયા અને મોબાઈલના વધતા વપરાશને છૂટાછેડાનું કારણ ગણાવી, નવવધૂઓને સંયમિત રહેવા અને પરિવારને પ્રાથમિકતા આપવા માર્મિક ટિપ્પણી કરી હતી.**

# મહેસાણામાં ઘરેથી ભીનો અને સુકો કચરો અલગ આપવો ફરજિયાત

**દૈનિક પલ્સ સમાચાર:** મહેસાણા શહેરની સુંદરતા અને સ્વચ્છતા જાળવી રાખવા માટે મહેસાણા મહાનગરપાલિકા દ્વારા એક અતિ મહત્વપૂર્ણ જાહેર નોટિસ બહાર પાડવામાં આવી છે. આ નોટિસ મુજબ, શહેરના તમામ રહેણાંક અને વ્યાવસાયિક વિસ્તારોમાં કચરાનું વર્ગીકરણ કરીને આપવું હવે નાગરિકોની પ્રાથમિક જવાબદારી રહેશે. ડોર-ટુ-ડોર કચરા સંગ્રહની ગાડીમાં ભીનો અને સુકો કચરો અલગ-અલગ આપવા માટે તાકીદ કરવામાં આવી છે. ભીના કચરામાં રસોડાની સામગ્રી, ફળ-શાકભાજીનો કચરો અને અન્ય ખાદ્ય પદાર્થોનો સમાવેશ થાય છે, જ્યારે સુકા કચરામાં પ્લાસ્ટિક, કાગળ, ધાતુ અને પેકિંગ સામગ્રીને અલગ રાખવાની રહેશે. મહાનગરપાલિકાએ સ્પષ્ટ કર્યું છે કે કચરો મિક્સ કરીને આપવો એ નિયમોનું ઉલ્લંઘન ગણાશે. જો કોઈ નાગરિક નિયમનું પાલન નહીં કરે, તો તેમની કચરા ગાડીની સેવા અટકાવી દેવામાં આવશે અને સ્થળ પર જ દંડની વસૂલાત કરવામાં આવશે. જાહેર માર્ગો કે ખુલ્લી જગ્યાઓમાં કચરો ફેંકવો હવે મોંઘો પડી શકે છે, કારણ કે વારંવારના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી અને મિલકત વેરામાં વધારા જેવી સખત જોગવાઈઓ અમલમાં મૂકવામાં આવી છે. વહીવટી તંત્રનું માનવું છે કે નાગરિકોના સહકાર વગર સ્વચ્છતાનું લક્ષ્ય હાંસલ કરવું અશક્ય છે. આથી, દરેક મહેસાણાવાસીને આ અભિયાનમાં જોડાવા અને જવાબદાર નાગરિક તરીકેની ભૂમિકા ભજવવા વિનંતી કરવામાં આવી છે.






# જાયન્ટ્સ મહેસાણા દ્વારા ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન

**દૈનિક પલ્સ સમાચાર:** સેવા પરમો ધર્મના મંત્ર સાથે જાયન્ટ્સ મહેસાણા દ્વારા આજે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા સ્વ. ગોરધનભાઈ ડી. પટેલની પાંચમી વાર્ષિક પુણ્યતિથિના પવિત્ર અવસરે બ્લડ ડોનેશન કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં રક્તદાતાઓના ભારે ઉત્સાહ વચ્ચે કુલ 51 બોટલ રક્ત એકઠું કરી બ્લડ બેંકને સુપ્રત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની ગરિમા વધારવા માટે જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી દ્રુપદભાઈ, પ્રમુખ શ્રી યોગેશભાઈ પટેલ અને પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી ભાસ્કરભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, કોઈની યાદમાં રક્તદાન કેમ્પ યોજવો એ સૌથી શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ છે. આ પ્રસંગે સ્વ. ગોરધનભાઈનો પરિવાર પણ હાજર રહ્યો હતો અને રક્તદાતાઓને બિરદાવ્યા હતા. જાયન્ટ્સ ગ્રુપ મહેસાણા હંમેશા લોકહિતના કાર્યોમાં અગ્રેસર રહે છે, અને આ રક્તદાન કેમ્પ પણ તે દિશાનું એક મહત્વનું કદમ છે. એકત્રિત થયેલું રક્ત અકસ્માત કે ગંભીર બીમારી સમયે દર્દીઓનો જીવ બચાવવામાં મદદરૂપ થશે. સંસ્થાના સભ્યો અને પ્રોજેક્ટ ટીમની જહેમતથી આ કાર્યક્રમ સુચારૂ રૂપે સંપન્ન થયો હતો. આ સેવાકાર્ય બદલ સમગ્ર મહેસાણા પંથકમાં જાયન્ટ્સ ગ્રુપની કામગીરીની પ્રશંસા થઈ રહી છે.



# પાલનપુરની કામધેનુ રેસીડેન્સીમાં સુવિધાઓ અધૂરી: રહેવાસીઓ પરેશાન

**દૈનિક પલ્સ સમાચાર:** પાલનપુરના જગાણા રોડ પર આવેલી કામધેનુ રેસીડેન્સી હાલ વિવાદોના ઘેરામાં છે. સોસાયટીમાં રહેતા પરિવારો છેલ્લા ત્રણ વર્ષથી બિલ્ડરની અધૂરી કામગીરીનો ભોગ બની રહ્યા છે. અહીં પ્રોટેક્શન વોલ, એન્ટ્રી ગેટ, ફેન્સિંગ અને કોમન પ્લોટમાં માટી પુરાણ જેવા પાયાના કામો અટવાયેલા છે. સોસાયટીની પાછળની ૧૦ ફૂટ ઊંચી દીવાલ ધરાશાયી થતા સુરક્ષા સામે ખતરો ઉભો થયો હતો, જેના કારણે કેટલાક મકાનમાલિકોએ પોતાના ખિસ્સામાંથી નાણાં ખર્ચીને મરામત કરાવવી પડી છે.
રહેવાસીઓનો આરોપ છે કે બિલ્ડર સાથે અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે. અગાઉની બેઠકમાં બિલ્ડરે ખાતરી આપી હતી કે ઉત્તરાયણ સુધીમાં તમામ પેન્ડિંગ કામો પૂર્ણ કરી દેવામાં આવશે, પરંતુ આજે એક વર્ષથી વધુ સમય પસાર થઈ ગયો હોવા છતાં કોઈ કામગીરી થઈ નથી. આ માત્ર બાહ્ય બાંધકામની જ વાત નથી, પરંતુ સોસાયટીના અનેક ઘરોમાં પ્લમ્બિંગ અને ઇલેક્ટ્રિક કામમાં પણ ખામીઓ જોવા મળી રહી છે. જગાણા રોડ જેવા વિકસતા વિસ્તારમાં સ્થિત આ સોસાયટીના રહીશો હવે તંત્ર પાસે ન્યાયની અપેક્ષા રાખી રહ્યા છે. મોંઘા ભાવના મકાનો ખરીદ્યા પછી પણ સુવિધાઓ માટે બિલ્ડર પાછળ ધક્કા ખાવા પડતા લોકોમાં ભારે રોષ અને અસંતોષ જોવા મળી રહ્યો છે.

## સિરોહીમાં પોલીસ વાહન પલટી ગયું, યુવાનોએ જીવ બચાવ્યો

સિરોહી-કંડલા હાઇવે પર સોનેલા ગામ નજીક મંડાર પોલીસ સ્ટેશનની ભટાણા ચોકીનું વાહન અકસ્માતનો ભોગ બન્યું હતું. પ્રાથમિક વિગતો મુજબ, પોલીસ વાહન હાઇવે પરથી પસાર થઈ રહ્યું હતું ત્યારે અચાનક એક આખલો રસ્તા પર આવી જતાં ડ્રાઇવરે તેને બચાવવા જતાં સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેના પરિણામે વાહન પલટી ખાઈ ગયું હતું.
આ અકસ્માત સમયે હાઇવે પરથી પસાર થઈ રહેલા ગફ્ફાર ખાન, યાસીન ખાન અને ઈરફાન ખાન સહિતના પરિવારે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. અકસ્માત જોતા જ આ પરિવાર તાત્કાલિક મદદ માટે દોડી આવ્યો હતો અને ગાડીમાં ફસાયેલા કોન્સ્ટેબલ ડ્રાઇવર હમીરારામને ભારે જહેમત બાદ સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. ઇજાગ્રસ્ત ડ્રાઇવરને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે મંડાર હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. મંડાર પોલીસે આ ઘટનાની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. સદનસીબે આ ભયાનક અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી.

# વિવાદિત કીર્તિ પટેલની ધરપકડ, જુનાગઢ પોલીસની કાર્યવાહી


**દૈનિક પલ્સ સમાચાર:** અભદ્ર વર્તન અને કાયદાને ઠોકરે મારવાની વૃત્તિ ધરાવતી કીર્તિ પટેલના પાપનો ઘડો ભરાઈ ગયો છે. જુનાગઢ પોલીસે રાજસ્થાનના અજ્ઞાત સ્થળેથી તેને દબોચી લીધી છે. વિવાદોની પર્યાય બની ગયેલી કીર્તિ પટેલને મોડી રાત્રે જુનાગઢ પોલીસ સ્ટેશન લાવવામાં આવતા પંથકમાં ચકચાર મચી ગઈ છે. સોશિયલ મીડિયા પર ગાળાગાળી કરીને યુવા પેઢીને ગેરમાર્ગે દોરતી કીર્તિ પટેલ વિરુદ્ધ અનેક ફરિયાદો ઉઠી હતી. જુનાગઢમાં નોંધાયેલા કેસ સંદર્ભે તે ધરપકડથી બચવા રાજ્ય બહાર ભાગી ગઈ હતી. પરંતુ જુનાગઢ પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદથી તેનું લોકેશન ટ્રેસ કર્યું અને તેને ઝડપી પાડી. પોલીસ સ્ટેશન લાવ્યા બાદ તેના ચહેરા પરનો કહેવાતો 'સ્વેગ' ગાયબ જોવા મળ્યો હતો.
પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કીર્તિ પટેલ સામે કડક કાયદાકીય કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. તેની પૂછપરછમાં અનેક મોટા ખુલાસા થવાની સંભાવના છે. પત્રકારત્વના દ્રષ્ટિકોણથી જોઈએ તો, આવી વ્યક્તિઓ સમાજ માટે ખતરો છે જેઓ પ્રસિદ્ધિ મેળવવા માટે કોઈ પણ હદે જઈ શકે છે. હવે જોવાનું એ રહેશે કે કાયદો આ વિવાદિત હસ્તી સામે કેટલી સખત કાર્યવાહી કરે છે.


રિપોર્ટ : ઝીશાન ખૂંટ

**સોશિયલ મીડિયા પર અભદ્રતા ફેલાવનાર કીર્તિ પટેલ આખરે કાયદાના સકંજામાં આવી છે. રાજસ્થાનથી ધરપકડ બાદ તેને તાત્કાલિક જુનાગઢ પોલીસ સ્ટેશન લવાઈ છે. સતત વિવાદોમાં રહેતી કીર્તિ પટેલની મુશ્કેલીઓ હવે વધવાની પુરેપુરી શક્યતા જોવા મળી રહી છે.**

# વિવેકાનંદ કોલેજ અને અંકુર વિદ્યાલય દ્વારા 'ધરોહર' મહોત્સવનું આયોજન

**દૈનિક પલ્સ સમાચાર:** સ્વામી વિવેકાનંદ કોલેજ અને અંકુર વિદ્યાલય એવાં શૈક્ષણિક ધામ છે જ્યાં શિક્ષણની સાથે જીવનના ઉમદા પાઠ શીખવવામાં આવે છે. આ સંસ્થાઓ દ્વારા આ વર્ષે વાર્ષિક સાંસ્કૃતિક મહોત્સવ 'ધરોહર'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. 'ધરોહર' એટલે આપણો વારસો અને આપણી ઓળખ. આ થીમ હેઠળ વિદ્યાર્થીઓ પોતાની કલાત્મક પ્રતિભા રજૂ કરશે. આ કાર્યક્રમમાં બાળપણની નિર્દોષતા અને યુવાનીના જોશનો અદભુત સંગમ જોવા મળશે. સંસ્થા માને છે કે માત્ર પુસ્તકીયું જ્ઞાન પૂરતું નથી, પરંતુ બાળકનો સર્વાંગી વિકાસ ત્યારે જ શક્ય છે જ્યારે તેને પોતાની કલા પ્રદર્શિત કરવાની તક મળે. આ મહોત્સવમાં લોકનૃત્ય, ક્લાસિકલ ડાન્સ, દેશભક્તિ ગીતો અને સામાજિક જાગૃતિ લાવતા નાટકોનું મંચન કરવામાં આવશે.
સંસ્થાના આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે, "અમારો પ્રયાસ હંમેશા એવો રહ્યો છે કે વિદ્યાર્થીઓ સંસ્કારી અને જવાબદાર નાગરિક બને." વાર્ષિક મહોત્સવની આ પરંપરા વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો કરે છે. આ પ્રસંગે શહેરના અગ્રણીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારશે.


રિપોર્ટ : ઝીશાન ખૂંટ

**સ્વામી વિવેકાનંદ કોલેજ અને અંકુર વિદ્યાલય દ્વારા ભવ્ય વાર્ષિક સાંસ્કૃતિક મહોત્સવ 'ધરોહર'નું આયોજન કરવામાં આવ્યું છે. જીવન ઘડતર અને સંસ્કારોના સિંચન સાથે અહીં યુવાશક્તિ અને બાળપણ ખીલી રહ્યું છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની વિવિધ કલા-કૌશલ્યોની ઝલક જોવા મળશે.**